શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

# કચ્છશ્રુતિ

❖ વર્ષ : ૨૭
❖ અંક : ૮
❖ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૪
❖ કિંમત : રૂા. ૩/-
❖ પાના નં. ૧ ❖ કુલ પેજ ૩૬
❖ પ્રસિદ્ધ કર્યા તા. : ૧૦-૨-૨૦૧૪
❖ તંત્રી : ભરત ઓઝા



ઘુડખર અભ્યારણ - કચ્છ



Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...
शाश्वत Green
Plots & Farmhouse
ACTUAL SITE PHOTOGRAPHS
CLUB HOUSE
CHILDREN PLAY AREA
RESTROOM IN CLUBHOUSE
INDOOR GAMES
SWIMMING POOL
JOGGING TRACK
READY POSSESSION N.A. PLOTS
Located in just 10 minutes away from TATA NANO, FORD, P. & G., PEUGEOT, HITACHI.
20 Minutes Drive From Ahmedabad.
Developer:
Shashwat Realtors
Hasmukh Patel: 9879608051,
Vinod Patel: 9879608054,
Anupam Patel: 9879608057.
Site Address:-
Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanand - Nalsarovar Road, Dist.: Ahmedabad.

વર્ષ-૨૭ ◆ અંક-૮
૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૪

◆

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

◆

**★ મુખ્ય તંત્રી ★**
શ્રી ભરત ઓઝા
મો. ૯૮૨૫૭૧૪૮૩૩
Email : ozabvo@gmail.com

**★ સહ તંત્રી ★**
શ્રી મનુભાઈ કોટડીયા
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮

◆

**★ વિભાગીય સંપાદન ★**
**કલરવ** - દિનેશ માંકડ
**મહિલા વિશ્વ** - રેખાબેન શુક્લ
**ગાંધીનગર ગાથા** - વર્ષાબેન મહેતા
**શબ્દ શોધ** - પ્રદિપ જોષી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૬.
ફોન : (કચ્છી સમાજ) ૦૭૯-૨૬૫૭૬૧૮૪
Email : kutchshruti@yahoo.com

◆

**Kutchshruti Available on www.asanjokutch.com**

◆

**કચ્છશ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન - રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ - અમદાવાદ' ના નામનો મોકલવો.

◆

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' સંપાદન મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

## આ અંકમાં...

❖ તંત્રી સ્થાનેથી .................... ૪
❖ કચ્છના સેવાભાવી તબીબ : શામજીભાઈ મચ્છર (ભરત'કુમાર' પ્રા. ઠાકર-અંજાર) .................... ૫
❖ જીંદગીની હતાશા-એક સત્ય ઘટના (પ્રા. પૃથ્વી શાહ) .................... ૬
❖ વિટામીન્સ-૩ (દિલીપ વૈશ્નવ-અમદાવાદ) .................... ૮
❖ કચ્છશ્રુતિનાં કલમકારો (૧) (હંસરાજ કંસારા) .................... ૧૧
❖ પુસ્તક પરિચય (ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'-નખત્રાણા) .................... ૧૩
❖ મૌલિક વાર્તા (બલવીરસિંહ જાડેજા) .................... ૧૫
❖ વૃદ્ધાવસ્થા એટલે પૂર્ણવિરામની ઘડી (મહાભાઈ આર. વોરા-ભુજ) .................... ૨૧
❖ સંસ્થા સમાચાર .................... ૨૨
❖ એવમ્ અમદાવાદ .................... ૨૫
❖ મહિલા વિશ્વ (રેખાબેન શુક્લ-અમદાવાદ) .................... ૨૬
❖ વતનના વાવડ (સંકલિત) .................... ૨૮
❖ કલરવ (દિનેશ માંકડ).. .................... ૩૧
❖ શબ્દ શોધ-૨૨ (પ્રદિપ જોષી-આદિપુર).. .................... ૩૩
❖ પ્રતિભાવ .................... ૩૪

# તંત્રી સ્થાનેથી...

● ભરત ઓઝા ●

## કચ્છી સમાજ-અમદાવાદ વિશે થોડુંક ચિંતન...

માણસ એ સામાજિક પ્રાણી છે, માત્ર પોતાના સગાં-સંબંધીઓની વચ્ચે જ રહેવા ઉપરાંત કંઈક વિશેષ પ્રવૃત્તિમાં રહેવા ઈચ્છતો હોય છે, થોડાક ઉદાર વિચારસરણીવાળા લોકો માત્ર અંગત પ્રવૃત્તિમાં ન રહેતાં સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાતા હોય છે. પછી ભલે એ પોતાની જ્ઞાતિ-સમાજ પૂરતા જ સીમિત હોય અને એથીય આગળ માત્ર પોતાની જ જ્ઞાતિમાં કાર્યરત ન રહેતા અને બિન સંકુચિત વિચાર સરણી ધરાવતા લોકો બૃહદ સમાજમાં જોડાતા હોય છે. જ્યારે બૃહદ સમાજની વાત આવે ત્યારે ''હું અને મારી જ્ઞાતિ'' આ બે શબ્દો ભૂલી જવા પડે. અને એવા જ લોકો બૃહદ સમાજની પ્રવૃત્તિઓ કરી શકે એમાં બે મત નથી. અને એમના થકી જ તો બૃહદ સમાજો ચાલતા હોય છે. જ્યારે આપણે માદરે વતનથી દૂર હોઈએ ત્યારે કચ્છી સમાજો કે ગુજરાતી સમાજોનું મહત્વ સમજાય છે. જ્યારે આવા સંગઠનો બનતા હોય છે ત્યારે જ્ઞાતિના વાડાની સંકુચિત વિચાર સરણીને કોરાણે મૂકવી પડે.

અમદાવાદ ખાતે ૨૫-૩૦ વર્ષ પહેલા બિનસંકુચિત વિચારસરણી ધરાવતા કચ્છીઓએ કચ્છી સમાજ-અમદાવાદની સ્થાપના કરી અને એ હેતુ સાથે કરી કે અમદાવાદ અને આજુબાજુના વિસ્તારોમાં વસતી સમસ્ત કચ્છી પ્રજાની કોઈપણ જાતના ભેદભાવ વગર, સામાજિક, સાંસ્કારિક, શૈક્ષણિક, આર્થિક, નૈતિક શારિરીક વગેરે ક્ષેત્રોમાં ઉન્નતિ અને સર્વાંગી ઉત્કર્ષ થાય તથા સંગઠનની ભાવના પ્રબળ બને તેવી પ્રવૃત્તિ કરવી ઉપરાંત કચ્છી પ્રજા અને કચ્છી ભાષાના ઉત્કર્ષ માટે સામાયિક પ્રગટ કરવા, શિક્ષણ, કલા, રમત-ગમતમાં આગળ આવેલા વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવા, સ્કોલરશિપ આપવી, અભ્યાસના પુસ્તકો વિગેરે મફત કે પડતર ભાવે પુરા પાડવા. શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવી, ચલાવવી, છાત્રાલયો-પુસ્તકાલયો ઉભા કરવા વિગેરે..

અમદાવાદ ખાતે જ્યારે કચ્છી સમાજની સ્થાપના થઈ ત્યારે જ્ઞાતિ સમાજો બહુ જ ગણ્યા ગાંઠ્યા હતા અને એ સમયની વાત કરીએ તો કચ્છી સમાજની જે ઉદ્દેશ સાથે સ્થાપના થઈ તે જોતા જ્ઞાતિ સમાજ કે ઘટક સમાજ સ્થાપવાની કદાચ જરૂર ન પડે. સિવાય કે સામાજિક વ્યવહાર પુરતી જરૂરિયાત રહે. કાળક્રમે કચ્છીઓની વસતી અમદાવાદ ખાતે વધતી ગઈ અને આજે લગભગ ૪૦૦૦ થી પણ વિશેષ કચ્છી પરિવારો અમદાવાદ સ્થાયી થયા છે. સાથે સાથે અત્રે જ્ઞાતિ સમાજો પણ બનતા ગયા અને વધતા ગયા. ત્યાં સુધી કે એક જ જ્ઞાતિ વિવિધ ઘટકોમાં વિભાજીત થવા માંડી....! આ બધા સમાજોના ઉદ્દેશો કચ્છી સમાજ-અમદાવાદ છે એ જ છે, પણ ફરક માત્ર એટલો જ પડ્યો છે કે ''આપણાં સમાજને બદલે મારી જ્ઞાતિની ભાવના વધારે પ્રબળ બની આજના પરિપેક્ષ્યમાં જોઈએ તો ઘટક સમાજ કે જ્ઞાતિ સમાજ વધુ સંગઠિત અને સદ્ધર થયા છે અને કચ્છી સમાજ-અમદાવાદના પાયા હજુ પણ મજબૂત થયા નથી. આજે અમદાવાદ સ્થિત કચ્છીઓમાં નેતાગીરીનો અભાવ બિલકુલ નથી, કાર્યકરોનો અભાવ જરા પણ નથી કે નથી નાણાંકીય સ્રોતનો અભાવ, પરંતુ આ પ્રવાહ સમાજને બદલે જ્ઞાતિ તરફ વધારે વહેતો થઈ ગયો. જ્ઞાતિ અને સમાજનો ફરક સમજવો એટલે જરૂરી છે કે જ્યારે આપણે વતનથી દૂર છીએ. ઉપરોક્ત સ્રોતો વિના કચ્છી સમાજની પ્રવૃત્તિઓ અશક્ય છે.

આ તંત્રી લેખ સાથે મારા અંગત વિચારો પણ સામેલ છે શક્ય છે કે હકીકત દોષ હોઈ શકે. પરંતુ શ્રી કચ્છી સમાજ-અમદાવાદના પ્રવર્તમાન હોદ્દેદારો, ટ્રસ્ટીઓ સર્વેને આ બાબતને ચિંતન કરવાની જરૂર છે અને ફરીથી માત્ર મારી જ્ઞાતિની જ ભાવના નહિ પરંતુ આપણા સમાજ કે આપણા કચ્છી સમાજની ભાવના વધારે સુદૃઢ બને એ દિશામાં પ્રયત્ન થવા જરૂરી બને છે.

વિશેષમાં, 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગને ખાસ જણાવવાનું કે 'કચ્છશ્રુતિ'ના અંકો હવેથી www.asanjokutch.com વેબસાઈટ પર પણ જોઈ શકાય છે.

અસ્તુ,

જય હિંદ, જય કચ્છ.

**ભરત ઓઝા**
**મુખ્ય તંત્રી**

# કચ્છના સેવાભાવી તબીબ : શામજીભાઈ મચ્છર

● ભરત'કુમાર' પ્રા. ઠાકર-અંજાર ●



છેલ્લા સતત ત્રણ વર્ષથી ભુજના ત્રણ પરોપકારી ચિકિત્સકોની જન્મ શતાબ્દી આવતી રહી છે. ૨૦૧૨માં ડૉ. બી. કે. છાયા ઉર્ફે ભાનુશંકર કેશવલાલ છાયા (૧૯૧૨-૬૨), ૨૦૧૩માં ડૉ. સી. એચ. બક્ષી ઉર્ફે ચમનલાલ હીરાલાલ બક્ષી (૧૯૧૩-૯૪) અને ૨૦૧૪માં શામજીભાઈ ખીમજી મચ્છર સાથે હેટ્રિક પુરી થાય છે. આ વર્ષે ફેબ્રુઆરી માસમાં આવતી ૧૦૦મી જન્મજયંતિ પ્રસંગે એમને યાદ કરીએ...

**હોમિયોપેથીના પ્રખર પ્રસારક :** આજે એલોપેથિક, એન્ટિબાયોટિક, કોર્ટિઝોન અને અન્ય કેટલીક દવાઓના નિરંકુશ વપરાશથી સાજા થવાની સાથે તેની આડઅસરોની ગૂંચવાડા પણ સર્જાય છે. ત્યારે નિર્દોષ ચિકિત્સાપદ્ધતિ તરીકે પ્રશસ્ત 'હોમિયોપેથી' પ્રત્યે લોકોની શ્રદ્ધા આજે આંશિક રીતે વધતી રહી છે. તેનાં કેટલાંક કારણોમાં તેની બિનઝેરી (નોન-ટોક્સિક) દવાઓ, આડઅસરોમાંથી મુક્તિ, ખર્ચાળ પરિક્ષણોનો અભાવ અને નજીવા ખર્ચે સારવાર મુખ્ય છે.

કેટલાંક હઠીલા દર્દોમાં અન્ય પદ્ધતિઓ કરતાં હોમિયોપેથીમાં ઈલાજ સારા છે. ૨૦મી સદીના આરંભે કચ્છમાં સામાન્ય અને શિક્ષિત પ્રજામાં આ નિદાનરીતિનો ખાસ પરિચય કે પ્રસાર નહોતો. તેવા સમયે હોમિયોપેથી મચ્છર સાહેબે સતત પાંચ દાયકાથી વધુ સમય સુધી આ કલ્યાણકારી ઉપચારશૈલી પ્રયોજીને તેના વ્યાપમાં ચિરસ્મરણીય યોગદાન આપ્યું હતું.

શામજીભાઈ ખીમજી મચ્છરનો જન્મ આજથી બરાબર એકસો વર્ષ પહેલા ૭મી ફેબ્રુઆરી, ૧૯૧૪ના ભુજ ખાતે થયો હતો. ૧૯૩૫માં પોતાને કમળો થયો ત્યારે તેની સારવાર અર્થે લીધેલ બાયોકેમિક-હોમિયોપેથીક દવાઓના અસરકારક પરિણામોથી આકર્ષાયા. તેઓ નોન-મેટ્રિક હતા, પણ પુસ્તકોના સઘન અભ્યાસથી એક કુશળ હોમિયોપેથી (દાક્તર) થયા. સિંચાઈ ખાતાની નોકરી (૧૯૩૬-૭૨) દરમ્યાન તેની પાછળ આંશિક સમય આપી શકતા.

**સારવારમાં માનવતાવાદી અભિગમ :** એમની નિઃસ્વાર્થ શુશ્રૂષાનો લાભ અધિકાધિક સાધારણ સ્થિતિના દર્દીઓનો મળતો થયો. ભુજમાં ખત્રી ચકલાના મોટા ફળિયામાં એમનું નિવાસ-સહ-દવાખાનું આવેલ હતું. સારવાર અર્થે આવતા દર્દીઓ પાસેથી કોઈ નિર્ધારિત રકમ લેવાને બદલે ખંડમાં મૂકેલી દાનપેટીમાં સ્વૈચ્છિક અર્પણ મૂકાવતા. લત્તા મંગેશકરના તેઓ ચાહક હતા અને ખંડમાં કાયમ તેના છબી રાખતા.

નિવૃત્તિ પછી ૧૯૭૨થી મૃત્યુપર્યંત પૂર્ણ સમય રોગીઓની સારવાર માટે ફાળવ્યો. બિમારીનો અભ્યાસ અને નિરીક્ષણની આગવી ખાસિયત થકી અસંખ્ય દર્દીઓ એમની પાસેથી ફાયદો પામેલ. તેઓ ઊંચી શક્તિ (હાઈ પોટેન્સી)ની દવાઓ વાપરવાના આગ્રહી હતા. રોગના લક્ષણ પ્રમાણે હજારો દવાઓમાંથી યોગ્ય દવાઓ નક્કી કરવા કોમ્પ્યુટરના ઉપયોગનું સમર્થન કરતા. (જેના વપરાશની હજુ શરૂઆત જ થઈ હતી)

૮૦ વર્ષ ઉપરાંતની જૈફ વય લગી એમણે હોમિયોપેથી દ્વારા ઘણાને અસાધ્ય રોગ કે શસ્ત્રક્રિયામાંથી છૂટકારો અપાવેલ. પોતાના પરિવારના સભ્યોને પણ આ ઈલાજપદ્ધતિના અનુભવી બનાવ્યા હતા. એમના મંતવ્ય મુજબ આપણા દેશની મોટા ભાગની પ્રજા ગરીબ કે મધ્યમ વર્ગની છે. એમને આ સારવાર પરવડી શકે તેમ છે. દરેક પરિવાર આ ચિકિત્સાથી પ્રાથમિક માહિતગાર બને અને સેમિનારો દ્વારા તેનો યોગ્ય પ્રચાર કરાય તો મોટું કામ થાય.

**સેવાભાવનાની ઉચિત કદર :** હોમિયોપેથી ચિકિત્સા પદ્ધતિના પ્રણેતા ડૉ. સેમ્યુઅલ હાનમેન (૧૭૫૫-૧૮૪૩)ની ૨૩૯મી વર્ષગાંઠ તથા હોમિયોપેથી સંશોધનની દ્વિશતાબ્દી (૧૭૯૪-૧૯૯૪) નિમિત્તે કચ્છ જિલ્લા હોમિયોપેથી મેડિકલ પ્રેક્ટિશનર્સ એસોસિએશન દ્વારા વૈદ્ય શામજીભાઈ મચ્છરની આજીવન સેવાઓને બિરદાવવા ૧૦મી એપ્રિલ, ૧૯૯૪ના માંડવી ખાતે યથોચિત સન્માન પણ કરવામાં આવ્યું હતું.

એમની થોડી પારિવારિક વિગતો જોઈએ તો પત્નીનું નામ ડાહીબાઈ હતું. મચ્છર દંપતિ નિઃસંતાન હોતા માંડવીમાં ભગત તરીકે ઓળખાતા વીસનજી વલેરા અને સાકરબાઈના પુત્ર શાંતિલાલ (ભુજ)ને દત્તક તરીકે લીધેલ, જેઓ ગુજરાત વિદ્યુત બોર્ડ (વર્તમાન પીજીવીસીએલ)માં કાર્યપાલક ઈજનેરના પદેથી નિવૃત્ત થયા છે.

આવા માનવતાવાદી તબીબ શામજીભાઈ મચ્છરના નિધનની તારીખ મને મળી શકી નથી. કોઈ વાચકની જાણમાં હોય તો (૦૯૮૨૭૨ ૨૩૧૫૦) જણાવી શકે છે. આ લેખ તૈયાર કરવામાં મને કચ્છમિત્ર (૧૦-૪-૧૯૯૪)માં ડૉ. આદિત્ય ચંદારાણાના લેખ તથા લેખક નારાયણ શનિશ્ચરા (માંડવી)ના પૂરક વિગતોની મદદ મળી છે તેનો ઋણ સ્વીકાર કરું છું.

# જીંદગીની હતાશા - બરબાદી અને અંધકાર માટે વડીલની હઠ જવાબદાર હતી - એક સત્ય ઘટના

• પ્રા. પૃથ્વી શાહ •

પિતાની સારૂ પરિણામ જોવાની મહેચ્છાએ દિકરાનું પરિણામ બગડ્યું હતું. પિતાના કડક અંકુશોએ દિકરાના જીવનના વિકાસ ઉપર અંકુશ લગાવ્યા હતા. પિતા-પુત્ર વચ્ચે લાગણીનો સંબંધ છૂટતો ગયો હતો. બંને પક્ષે કદાચ મનમાં અવિશ્વાસ અને તિરસ્કાર પેદા થયા હતા. આ સ્થિતિને લીધે ભવિષ્યમાં બંનેને ભોગવવાનું - સહન કરવાનું હતું પરંતુ પ્રથમ ભોગ તો નિર્દોષ યુવાન દિકરો બન્યો. એ સતત માનસિક તનાવમાં રહ્યો. ચિંતાગ્રસ્ત રહ્યો. અંતર્મુખ રહ્યો. અટૂલો રહ્યો. લાગણીવિહીન રહ્યો. ખુલ્લા આકાશને - કુદરતના સૌંદર્યને માણી ન શક્યો. કાલ્પનિક ભય હેઠળ જીવ્યો. સમયના ખજાનાનો પોતાના મનની રીતે ઉપયોગી ન કરી શક્યો. એક દિવસ માનસિક અસ્થિર હાલતમાં સરકારી માનસિક આરોગ્યની હોસ્પિટલને શરણે આવ્યો. હોસ્પિટલની હૂંફ અને સારવારથી તેની તબિયતમાં સુધારો થયો. તે ઘેર ગયો. પિતાના લાગણીના અતિરેકમાં ભરાયેલા અવિચારી પગલાથી એક નહિં પણ બે જીંદગીને નરક ભોગવવાનો વારો આવ્યો અને એક જીંદગી હતાશામાં ઓંચિતી સમાપ્ત થઈ. આ ઘટનાની વિગત કંઈક આવી છે.

રવિ એક તેજસ્વી વિદ્યાર્થી અમદાવાદનો રહેવાસી ઉચ્ચ અધિકારીનો પુત્ર, એસ.એસ.સી.માં સારા ગુણ પ્રાપ્ત થવાથી અમદાવાદની પ્રખ્યાત સંસ્થામાં ઈજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ મેળવ્યો. તે ઈજનેરીના છેલ્લા વર્ષ સુધી પણ પહોંચી શક્યો. પરંતુ અભ્યાસ આગળ વધતો ગયો તેમ ઘરના અંકુશોને લીધે માનસિક હાલત બગડતી ગઈ હતી. અભ્યાસ કથળી રહ્યો હતો. દર વર્ષે પરિણામની ટકાવારીનું સ્તર ઘટી રહ્યું હતું.

રવિ ઘરમાં માત્ર એક આજ્ઞાંકિત દિકરો બની રહી ગયો હતો. પોતાનો કોઈ અવાજ નહીં. પોતાની કોઈ પસંદ નહિં. પોતાના વિચાર વ્યક્ત કરવાની - અભિવ્યક્તિની કોઈ છૂટ નહિં, પોતાની સુઝ, સમજ, પસંદ, ભવિષ્યને કોઈ સ્થાન નહિં. ભવિષ્યનો માર્ગ નક્કી કરવાની સ્વતંત્રતા નહિં. સાચી વાત કહેવી - પોતાના વિચાર વ્યક્ત કરવા એટલે જીદ્દીમાં ખપવું. આવી પળો વડીલોના અપમાનની બાબત ગણાતી. ઠપકો સાંભળવા મળતો. રવિને તેના વર્તન અંગે એ સમયે ધમકાવવામાં આવતો. કોલેજમાં અભ્યાસ કરે છતાં બહારની દુનિયા સાથે સંપર્ક રાખવાની છૂટ નહિં. પોતાની ઉંમરનાઓ સાથે મિત્રતા કેળવી તેમને ઘેર લાવવાની પરવાનગી નહિં. આવી સ્થિતિને લીધે તે માનસિક ત્રસ્ત થવા લાગ્યો.

દિકરાના દિલને આનંદ મળે એવી વાત ઘરમાં કદી સાંભળવા મળતી નહિં. માત્ર સલાહ અને ઉપદેશ સાંભળવા મળતા હતા. પરિક્ષામાં એકાદ વિષયમાં ઓછા ગુણ હોય અને અન્ય વિષયોનું પરિણામ સારું હોય તો પણ સારા પરિણામની ક્યારેય કદર નહિ. ઓછા ગુણ અંગે ધમકાવવામાં આવતો. ઓછા ગુણ આવવાના કારણોની અથવા એ વિષયનું પરિણામ કઈ રીતે સુધરી શકે એ માટે ક્યા પ્રકારનું આયોજન કે માર્ગદર્શન જરૂરી છે તેની કદી ચર્ચા નહીં. દિકરાની મુશ્કેલીને, તેના મનની સ્થિતિને સમજવા કદી પ્રયાસ નહિ. પિતા માત્ર પોતાના મનના સપના દિકરા ઉપર થોપવા તત્પર રહેતા. પોતાની ઉંમરથી જ દિકરાના વ્યવહારને જોયા કરતા. રવિ દિકરો ખરો પણ સતત વડીલ કેન્દ્ર સ્થાને.

દિકરાને પોતાનું ભવિષ્ય ઘડવાનો હક ન હોય એમ સતત વડીલના દબાણ હેઠળ રહેવું પડતું. રવિના હૃદયને સુખ-આનંદ મળે એવું વાતાવરણ તેને જોવા મળતુ ન હતું. પરિણામે કોલેજ જાય પણ એ સમયે વર્ગને બદલે મિત્રોની સંગતે સમય પસાર કરવા લાગ્યો. મિત્રોના રવાડે નશાકારક પદાર્થ લેવા લાગ્યો. ધીમે તેના શાણપણ અને સમજ ઉપર વિપરીત અસર થવા લાગી. પોતાનામાંથી પોતાનો વિશ્વાસ ઘટવા લાયો. અંધાધૂંધી અને માનસિક તનાવમાં અટવાઈ તે ભાંગી પડ્યો હતો. ઘરમાં પણ તે ચૂસ્ત અને બેધ્યાન થવા લાગ્યો. એકાંકી થવા લાગ્યો. જીવનમાં કંઈક બનવાની બાબત ભૂલવા લાગ્યો. રવિ આજને જીવવાને બદલે અનેક દિવસને સાથે જીવવા લાગ્યો. તેનો સ્વભાવ છેક બદલાઈ ગયો. તે ઘરમાં ત્રસ્ત રહેવા લાગ્યો. ગુંગળામણ અનુભવવા લાગ્યો. તે પોતાને માત્ર વડીલોના મનની ખીજ ઉતારવાનું સાધન માનવા લાગ્યો. જીવનને જ બોજરૂપ સમજવા લાગ્યો. અનેક વિચારોથી ઘેરાઈ એક દિવસ સંપૂર્ણ માનસિક અસ્થિરતાને ભેટ્યો.

રવિને અમદાવાદની સરકારી માનસિક આરોગ્યની હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. હોસ્પિટલમાં સામાજિક

મનોચિકિત્સક શ્રી ગિરીશભાઈ ત્રિવેદી અને શ્રીમતી દક્ષાબેન ભટ્ટના સફળ કાઉન્સેલીંગથી રવિની તબિયતમાં સુધારો થવા લાગ્યો. તે હોસ્પિટલમાં ઘરથી પણ વિશેષ કાળજી મહસૂસતો હતો. રવિમાં થતા નાનકડા સુધારા માટે ગિરીશભાઈ અને દક્ષાબેન તેની પાસે ખુશી વ્યક્ત કરતા, તેને પ્રોત્સાહિત કરી ઉજળા ભવિષ્યની વાત કરતા. તેનામાં રહેલ સત્વની વાત કરતા તેનામાં આત્મવિશ્વાસ જગાડતા. અજાણ્યા આટલા અંગત બની શકે તેથી રવિ અચરજ અનુભવતો. રવિ પોતાના મનની વ્યથા ગિરીશભાઈ અને દક્ષાબેન આગળ ઠાલવવા લાગ્યો. મનનો ઉભરો હલકો થતાં રવિ માનસિક શાંતિ અનુભવવા લાગ્યો. તેનું મન કંઈક અંશે પ્રફુલ્લિતતા અનુભવવા લાગ્યું. તે હોસ્પિટલમાં કામગીરી બજાવવા લાયક બન્યો, હોસ્પિટલમાં શ્રીમતી રશ્મિબેન શુકલના માર્ગદર્શન હેઠળ હાથશાળની કામગીરી કરવા લાગ્યો. દિવસમાં જ હાથશાળથી એક ટુવાલ બનાવી નાખતો. તેની ઝડપ-ચોકસાઈ-કામગીરી વખણાઈ.

રવિના પિતાને હોસ્પિટલમાં બોલાવવામાં આવ્યો. તેમને પણ રવિ સાથેના વર્તન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. પિતાએ પણ હોસ્પિટલમાં દિકરાને મોટો માણસ બનાવવાની ઘેલછામાં પોતાનાથી કેટલીક ભૂલો થયાની કબૂલાત કરી.

જીવનમાં પ્રથમ વખત પિતાને થયું કે પોતાના થકી બાળક પેદા થયું છે પણ તેના શરીર સિવાય તેનામાં રહેલ જીવને પોતે પોતાની મરજીથી ચલાવવામાં કંઈક ભૂલ કરી છે. દિકરાને નાદાન સમજવાની ભૂલ, દિકરાને અણસમજુ કલ્પવાની ભૂલ. તેના સ્વતંત્ર અસ્તિત્વને નકારવાની ભૂલ. તેના ભવિષ્ય ઘડતરમાં વધુ પડતી દખલની ભૂલ. કંઈક અંશે સ્વસ્થતા પ્રાપ્ત કરેલ દિકરાને ઘેર લાવ્યા બાદ થોડા સમયમાં પિતાએ દિકરાને સુખી જોવાની કલ્પનામાં તેની જીંદગી સાથે ભારે ખીલવાડ કર્યો. અક્ષમ્ય ભૂલ કરી. દિકરાની માનસિક હાલતને ખ્યાલમાં રાખ્યા વિના તેને પરણાવવાની ભૂલ કરી. બે જીંદગી બરબાદ કરવાની ભૂલ.

રવિની માનસિક હાલતની જાણ કર્યા વિના શિક્ષિત યુવતી સાથે રવિના લગ્ન કર્યા. રવિ ઘરમાં માનસિક અકળામણ અનુભવવા લાગ્યો. ફરી તે નશીલા પદાર્થના શરણે ગયો. ઘેર આવતી પત્ની સાથે બેહુદુ વર્તન કરવા લાગ્યો. ગંભીર માંદગીને ભેટી અંતે મૃત્યુ પામ્યો. એક આશાસ્પદ યુવતિના સ્વપ્ન રોડાયા. હોસ્પિટલ તરફથી મળેલ માર્ગદર્શનની ઉપેક્ષા થઈ. પોતાનો પુત્ર ગુમાવવા સાથે પોતાની પાછલી જીંદગી પણ અંધકારમય બનાવી. એક પિતાનું ખોટું અભિમાન-મનની હઠ કેટકેટલી જીંદગીમાં કરૂણતાનું કારણ બની !

## રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે 'કચ્છશ્રુતિ' અંગેની માહિતી ફોર્મ-૪, રૂલ-૮


૧. **પ્રકાશનનું સ્થળ :** અમદાવાદ

૨. **પ્રકાશનનો ગાળો :** માસિક

૩. **મુદ્રકનું નામ :** કૈલાસદાન કરણીદાન ગઢવી
પ્રમુખ - શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
**મુદ્રકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**મુદ્રક સ્થાન :** માધવી ઓફસેટ, અનુપમ સિનેમાની પાસે, ખોખરા, અમદાવાદ.

૪. **પ્રકાશકનું નામ :** કૈલાસદાન કરણીદાન ગઢવી
પ્રમુખ - શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
**પ્રકાશકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**પ્રકાશકનું સરનામું :** શ્રી કચ્છી સમાજ કાર્યાલય
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ.

૫. **સંપાદકનું નામ :** ભરત ઓઝા
**સંપાદકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**સંપાદકનું સરનામુ :** સી-૬-૨, સાગર એપાર્ટમેન્ટ, શ્યામાપ્રસાદ પુલના છેડા પર, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

૬. **અખબારની માલિકી :** શ્રી કચ્છી સમાજ-અમદાવાદ
**સરનામું :** ૯૦૫, સ્પાન ટ્રેડન સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ.

હું કૈલાસદાન કરણીદાન ગઢવી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

અમદાવાદ — કૈલાસદાન કરણીદાન ગઢવી
તા. ૧૦-૨-૨૦૧૪ — પ્રકાશક અને મુદ્રક - 'કચ્છશ્રુતિ'

# વિટામીન્સ-૩

● દિલીપ વૈશ્નવ-અમદાવાદ ●

## ચરબીમાં દ્રાવ્ય વિટામીન

ગત બે અંકમાં ચરબીમાં દ્રાવ્ય એવા બે વિટામીનો A અને D વિશે જાણ્યું આજે આપણે આ શ્રેણીના બે વિટામીનો E અને K વિશે વાત કરીશું.

**વિટામીન-E :** એબીસીડી વિટામીનો પછી જે વિટામીન શોધાયું તે વિટામીન પામતા ક્રમમાં આવવાને કારણે E તરીકે ઓળખાયું. વિટામીન-E ના કેમીકલ ઘટક વિશે આપણે પાછળથી જાણીશું. કોઈ પણ પ્રકારની શોધ સંશોધન પાછળ સમય, નાણાં અને વિજ્ઞાનીઓની જહેમત વિગેરેનો મોટો ફાળો રહેલો છે. વિટામીન-E ના સંશોધનોમાં આશરે ચાર દાયકા જેટલો સમય લાગ્યો હતો. ૧૯૨૩માં સંશોધનો શરૂ થયા, તે ૧૯૬૦માં પૂર્ણ થયા. ૧૯૨૩માં કેથારીન સ્કોટ બિશપ અને એચ એમ ઈયાન્સે વિટામીન-E wheat germ (ઘઉંના અંકુર) oil માંથી શોધ્યું. (ઘઉંના અંકુરમાં રહેતું તૈલી તત્વ) વિજ્ઞાનીઓએ નાના નાના માદા પ્રાણીઓ જે ગર્ભધારણ નો'તા કરી શકતા તેને વ્હીટ જર્મ ઓઈલ આપવાનું શરૂ કરતાં આ માદાઓને ગર્ભાધાન થવાં તેમનો પ્રસવ શક્ય બન્યો. ગર્ભાધાન માટે વિટામીન-E અસરકારક છે અને તેનું મુખ્ય ઘટક ટોકોફેરોલ છે, તે સંશોધનો દ્વારા સ્પષ્ટ થયું. (Toko = child birth, pheros = to bear અર્થ to bring forth, અર્થાત્ જન્મ આપવો, ol = આલ્કોહોલ, = Tocho ferol અહીં Tocho શબ્દ Tokosમાંથી છે) ૧૯૩૮માં વિડન બોર નામના વૈજ્ઞાનિકે અધુરા માસે જન્મેલા ૧૭ જેટલા અવિકસિત બાળકોને દવારૂપે સારવાર અર્થે વ્હીટ જર્મ તેલ આપતાં ચમત્કાર થયો. ૧૧ જેટલા બાળકો જન્મજાત વિટામીન-E ની ઉણપ દૂર થતાં આ બાળકોનો વિકાસ થતાં સંપૂર્ણ સ્વાસ્થ્યમય બન્યાં, ત્યાર પછી પણ કેટલીક બિમારીઓમાં વિટામીન-E સારવાર અર્થે આપવામાં આવતા ખબર પડી કે બિમારી દૂર કરી શકાય છે, તેથી વિટામીન-E રોગપ્રતિકારક છે. વિટામીન-E નું કેમીકલ સ્ટ્રકચર વિજ્ઞાની પોલ કારરે શોધ્યું, જેને ૧૯૩૭માં નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું હતું. આ બધા સંશોધનો ૧૯૬૦માં પૂર્ણ થયા.

વિટામીન-E (અને વિટામીન-K) ચરબીમાં દ્રાવ્ય છે. લીવરમાં સ્ટોરેજ થાય છે. વિટામીન-Eની ઉણપ સંજોગાવશાત્ થાય છે, વળી જો શરીરમાં 1000 IU દિવસનું લાંબા સમય સુધી જાય તો રક્તસ્રાવ થઈ શકે છે. વિટામીન-E ના બે મુખ્ય ઘટકો છે (૧) ટોકોફેરોલ (૨) ટોકોટ્રીએનોલ્સ દરેક ઘટક ચાર પ્રકારમાં છે બધા મળીને ૮ પ્રકારમાં વિભાજીત છે. આલ્ફા, બીટા, ગામા અને X જેવા આલ્ફાટેકોફેરોલ માનવીના લોહી અને ટીસ્યુમાં ઘણા પ્રમાણમાં રહેલું છે, તેથી શરીરની જૈવિક ક્રિયામાં અગત્યનો ભાગ ભજવે છે, શરીરને પોષણ મળે છે.

**વિટામીન-E ના કાર્યો :** પ્રાકૃતિક અને સશક્ત રોગપ્રતિકારક છે. આપણા શરીરમાં ઝેરી અર્થાત્ દૂષિત પદાર્થોને દૂર કરે છે. આ કારણોથી શરીર રોગમુક્ત રહી શકે છે. રક્તકણો તેમજ અન્ય વિવિધ કોષોને ઝેરી પદાર્થોથી દૂર રાખે છે. શરીરની એજીંગ પ્રોસેસને ધીમી પાડે છે. લોહીની ધમનીઓમાં LDL (ખરાબ ચરબી)નો જમાવડો થવા ન દે, તેથી એથેરોસ્કેલેટોસીસ નામની બિમારી થાય નહીં, હૃદયની સંભાળ લે છે. પુરતા પ્રમાણમાં વિટામીન-E શરીરને દૈનિક ધોરણે મળતું રહે તો અલ્ઝાઈમર, પારકીનસન્સ તેમજ અન્ય કેન્સરજન્ય બિમારી ન થાય. વિટામીન-E આપણા શરીર માટે ફાયદાકારક છે.

વિટામીન-E નું ખાદ્યપદાર્થ દ્વારા દૈનિક જરૂરિયાત પુરૂષ માટે દરરોજ ૧૦ મિલીગ્રામ, મહિલાઓ - ૮ મિલીગ્રામ, સગર્ભા સ્ત્રી ૧૦ મિલીગ્રામ, ધાત્રી માતા - ૧૨ મિલીગ્રામ (શિશુ અવસ્થા દરમ્યાન વિટામીન-E ની જરૂરિયાત ૪ થી ૬ મિલીગ્રામ દૈનિક ધોરણે અને ત્યાર પછી ૧ વર્ષ થી ૧૩ વર્ષના બાળકો માટે ૬ મિલીગ્રામ થી ૧૧ મિલીગ્રામ છે) ઉક્ત માત્રા ખાદ્ય સ્વરૂપે મળે છે, જ્યારે માંદગી દરમ્યાન વિટામીન-E ની ઉણપ દૂર કરવા માટે ડોક્ટર દવા સ્વરૂપે પુખ્ત વયના દર્દીને ૨૦૦ થી ૪૦૦ IU ની માત્રામાં સારવાર અર્થે આપશે.

**વિટામીન-Eની ઉણપ :** નોર્મલ તંદુરસ્ત માણસોમાં ઉણપ જોવા મળતી નથી. વિટામીનનો સ્ટોરેજ શરીરમાં કેટલાક મહિનાઓ સુધી જળવાઈ રહે છે, તેમ છતાં કેટલાક

અવિકસિત - અર્ધવિકસીત દેશોમાં પોષણક્ષમ ખોરાકની અછતને કારણે આ વિટામીનની ખામી જણાય છે. આ ઉણપથી શરીરને કેટલીક શારીરિક તકલીફોનો સામનો કરવો પડે છે. આ તકલીફોમાં લોહીના રક્તકણો તૂટી જવા, હિમોગ્લોબીનની ઉણપ, હિમોલીટીક એનીમિયા થાય તેમજ સ્નાયુઓમાં નબળાઈ આવે, પેશાબમાં ક્રિએટીનીનનો વધારો થાય, આંખની દ્રષ્ટિ ઘટે, મગજ અને શરીરની કામગીરીમાં વિક્ષેપ થાય વિગેરે.

**વિટામીન-Eના સ્રોત :** વ્હીટ જર્મ ઓઈલનો એક ચમચો ૨૦ મિલીગ્રામ વિટામીન આપે છે. ઘઉંના જવારામાં પણ અનેક પ્રકારના ઔષધીય તત્વો સમાયેલા છે. જે આપણી તંદુરસ્તી માટે લાભપ્રદ છે. ભારતીય સંસ્કૃતિમાં ઘઉંના જવારાનું નવરાત્રી દરમ્યાન તેમજ કુમારિકાના ગૌરીવ્રત સમયે આગવું સ્થાન છે. ઘઉંના જવારાના રસનું સેવન ભરપૂર માત્રામાં લોહતત્વ (આયર્ન) આપે છે.

વિટામીન-Eના સ્રોતમાં ફણગાવેલા અનાજ-કઠોળ, ખાદ્યતેલો જેવા કે સીંગતેલ, મકાઈનું તેલ, કોટનસીડ તેલ, ઓલીવ, સૂર્યમુખીના તેલ, અળસી, સીંગદાણા, બદામ, કાજુ, અખરોટ છે. શાકભાજીમાં લીલીછમ ભાજી, રતાળુ, ટામેટા, બીટ, કોળુ બ્રોકોલી, ફળોમાં નાસપતી, પપૈયા, આંબા અને પોપકોનમાંથી વિટામીન-E મળે છે. ઈંડાની પીળા ભાગમાં, કૃત્રિણ માખણ (માગોરીન) પણ વિટામીન-E ધરાવે છે. ફણગાવેલા કઠોળમાંથી વિટામીન-E ની સાથે અન્ય વિટામીનો A, B, C, K વિ અને કેટલાક ખનીજ તત્વો મળે છે. રોજબરોજ વનસ્પતિ જન્ય પદાર્થો ઋતુ ઋતુ અનુસાર આરોગવાથી દરેક પ્રકારના વિટામીનો આપણા શરીરને મળતા રહેશે. જે સ્વાસ્થ્ય માટે જરૂરી છે.

ઉપર જણાવેલા સ્રોતમાં અલ્પ માત્રામાં વિટામીન-E રહેલ છે. રોગનિવારક માત્રા દવા સ્વરૂપ વિટામીનનો (ડોઝ) ૨૦૦ થી ૪૦૦ IU પ્રતિ દિવસનો છે. (૧૫ મિલીગ્રામ = ૩૩ ઈન્ટરનેશનલ યુનિટસ (IU)) જો પ્રતિદિન ૧૦૦૦ IU કરતા વિટામીન-E નો ડોઝ શરીરમાં રક્તસ્રાવ ઉત્પન્ન કરી શકે, કારણકે લોહી ગંઠાવવાની પ્રક્રિયા મંદ હોય છે. (Hypervitraminosis of E)

**વિટામીન-K :** વિટામીન-K વિટામીન A, D અને E જેવા જ ગુણધર્મો ધરાવે છે. વિટામીન-K ના સંશોધનો અશ ડેનમાર્કના વિજ્ઞાની હેન્નીક ડેમ અને અમેરિકાના વિજ્ઞાની એડવર્ડ ડેઈઝીને મળે છે. આ બંનેને ૧૯૪૩માં નોબેલ પ્રાઈઝ પણ એનાયત થયા છે. હેન્નિક ડેમ (ડેનમાર્ક) કોલેસ્ટેરોલનો ઉપયોગ શરીરમાં કેવા પ્રકારનો છે, તે વિશે સંશોધન કરી રહ્યા હતા. મરઘાઓને પ્રયોગો દરમ્યાન આ વૈજ્ઞાનિકે કોલેસ્ટેરોલ વગરનો (ચરબી વગરનો) ખોરાક મરઘાઓને ખવડાવતા કેટલાક દિવસો પછી તેમજે હેમરેજ થતા રક્તસ્રાવ થવાનો શરૂ થયો. ત્યારબાદ ચરબીયુક્ત ખોરાક આપતા રક્તસ્રાવ બંધ થયો નહીં, ત્યારે આ વિજ્ઞાનીએ થયું કે આ ચરબીયુક્ત પદાર્થમાં બીજું કોઈ તત્વ રાસાયણીક ઘટક હોવું જોઈએ, કેમીકલ પ્રક્રિયા બાદ એક ઘટક અલગ કરી મરઘીઓને આપતા આ પ્રાણીઓનો રક્તસ્રાવ બંધ થયો, આ ઘટકને આ સંશોધકે વિટામીન-K નામ આપ્યું, અંગ્રેજીમાં coagulation એટલે લોહી ગંઠાવું. જર્મનીમાં જર્મન જનરલમાં koaguate vitamin તરીકે ઉલ્લેખ કરાતા, પાછળથી આ વિટામીન-K તરીકે જાણીતું થયું. અમેરિકન સંશોધક એડવર્ડ ડેઈઝીમે વિટામીન-K ના રાસાયણિક બંધારણ અને સંશોધન કર્યું હતું. વિટામીન-K અન્ય વિટામીનો કરતા ઓછો પ્રચલીત છે.

વિટામીન-K ના બે પ્રકાર છે. K1 (ફાયટોક્વીનોન) જે મુખ્યત્વે વનસ્પતિમાં જોવા મળે છે. લીલી શાકભાજીમાં આ K1 વ્યાપ્ત છે, અને ફોટોસીન્થેસ પ્રક્રિયામાં ભાગ લે છે, તેથી તે ફોટોસીન્થેસીસ વિટામીન તરીકે પણ ઓળખાય છે. K1 વિટામીન શરીરમાં દાખલ થયા પછી K2 માં પરિણમે છે. બીજા પ્રકારનો K2 વિટામીન (મેનાક્વીનોન) છે જે માનવ શરીરના મોટા આંતરડામાં ઉછરતા મિત્ર બેકટેરીયા બનાવે છે. K2 પણ કેટલાક પ્રકારમાં વિભાજીત છે.

વિટામીન K આપણા શરીર માટે અન્ય વિટામીનોની જેમ ખૂબ અગત્યનું છે. શરીરમાં અગત્યની જૈવિક ક્રિયાઓમાં ભાગ લઈ, શારીરિક તકલીફોનું નિવારણ કરી શરીરને સ્વસ્થ રાખે છે.

આપણે K1 અને K2 ના સંયુક્ત રીતે વિટામીન K ના કાર્યો સમજીએ. સંજોગોવશાત થતા રક્તસ્રાવને ગંઠાવીને રક્તસ્રાવને વહેતું અટકાવે છે. હાડકાના મજ્જા-બોનમેરોમાં નિર્માણ થતું લોહી હૃદયના પમ્પીંગની મદદથી શરીરના તમામ અંગોને પુરુ પાડવામાં મદદ કરે છે. વહેતા લોહીમાં અનેક પ્રકારના પોષક તત્વો પણ છે. લોહીના પરિભ્રમણ દરમ્યાન જો સંજોગોવસાત રક્તસ્રાવ થાય તો વિટામીન-K રક્તસ્રાવને અટકાવવામાં મદદ કરે છે. લોહીના ગંઠાવાની ક્રિયાને તબીબી ભાષામાં coagulation કહે છે. લોહીમાં ઘણા પ્રકારના પ્રોટીન તત્વો પણ છે, જેમાંથી કેટલાક પ્રોટીનને વિટામીન K ગંઠાવાની પ્રક્રિયામાં મદદ કરે છે.

નાની નાની ઈજામાં તમે લોહીને ગંઠાઈ જતું તેમજ લોહી વહેવાનું બંધ થતું અનુભવ્યું હશે. અકસ્માત, ગંભીર પ્રકારની માંદગી વખતે થતા રક્તસ્રાવને નિયત ડોઝમાં દવા સ્વરૂપે વિટામીન Kની મદદથી રક્તસ્રાવ અટકાવી શકાય છે. આપણા શરીરની લોહી લઈ જતી ધમનીઓને સ્વસ્થ રાખે છે. નસોમાં કેલ્સીફીકેશન થવા ન દે, આથી હૃદયરોગ - મગજના સ્ટ્રોકની તકલીફો દૂર કરવામાં સહાયરૂપ બને છે. હાડકાઓના નિર્માણ કાર્યમાં ભાગ લે છે, તેમજ હાડકાને મજબૂત રાખવામાં મદદરૂપ છે. ઓસ્ટીઓપોરાસીસ થવા ન દે. વિટામીન-K કેન્સર તેમજ ચામડીની તકલીફો થવા દેતી નથી. વિટામીન-K નો દવા સ્વરૂપે કેટલીક માંદગી વખતે સારવાર માટે ઉપયોગ થાય છે.

વિટામીન-K આંતરડામાં શોષાઈ જઈ લીવરમાં સ્ટોરેજ થાય છે. જ્યાંથી બીટા લીયોપ્રોટીન સાથે લોહી દ્વારા દરેક કોષોને મળતું થાય છે.

ખાદ્ય પદાર્થો દ્વારા સામાન્યતઃ દરેક વ્યક્તિને રોજની K1 વિટામીનની જરૂરીયાત મળતી રહે છે. વળી K2 વિટામીન આંતરડામાં ઉત્પન્ન થતા બેકટરીયા દ્વારા મળે છે. રોજની આવશ્યકતા ૫૦ થી ૧૦૦ mg/day છે.

**વિટામીન-K ના સ્રોત :** વિટામીન - K1 લીલા શાકભાજીમાંથી પ્રાપ્ત છે. ગાજર, કોબી, બ્રોકોલી, ફલાવર, ઉગાવેલા કઠોળ, નાસ્પતિ, શતાવરી, કીવી ફ્રુટ, દ્રાક્ષ, લીલા વટાણા, લીલી તુવેર, લીલા વાલ, વિગેરે પાલકમાં પણ વિટામીન-K ખૂબ પ્રમાણમાં છે. બીનશાકાહારીમાં કૃત્રિણ માખણ (માર્જીરીન) ઈંડાયુક્ત નુડલ્સ વિગેરે દૂધ, દહીં, પનીર, માખણ પણ વિટામીન-K ધરાવે છે.

વિટામીન-K2 આપણા આંતરડામાંથી બેકટેરીયા દ્વારા બને છે, જે શરીરને પુરતા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે, જેથી જો કોઈ વ્યક્તિ શાકભાજી ઓછી ખાય કે ન ખાય તો આંતરડા જ આ વિટામીન શરીરને આપે છે.

**વિટામીન-K ની ઉણપ :** વિવિધ પ્રકારના ફળો, શાકભાજીમાંથી તેમજ વ્યક્તિના આંતરડામાં નિર્માણ થતા બેકટેરીયા દ્વારા વિટામીન-K પર્યાપ્ત માત્રામાં મળતું રહે છે. જેથી ઉણપની સમસ્યા રહેતી નથી. તેમ છતાં અમુક સંજોગોમાં ઉણપ કેવી રીતે ઉદ્ભવે છે તે સમજીએ. (૧) વિટામીનનું આંતરડામાં શોષણ ઓછું કે તદ્દન ન થાય તેથી લીવરમાં સ્ટોરેજ ન થાય, અથવા આંતરડામાં શોષણ બાદ લીવરમાં એનું પ્રોસેસ થાય ત્યારે ઉણપની સ્થિતિ સર્જાય છે. માંદગી અથવા કોઈ અકસ્માતથી લીવર-આંતરડામાં ઈજા થાય ત્યારે પણ ઉણપની સમસ્યાનો સામનો શરીરની થાય છે. (૨) અધુરા માસે જન્મેલા બાળકો અથવા નોર્મલ બાળકોના આંતરડામાં વિટામીન-K બનાવવા સક્ષમ ન હોય તેથી ઘણી વાર આ ભુલકાઓને રક્તસ્રાવ થાય છે. (૩) પેનક્રિયાસની તકલીફ ધરાવતી વ્યક્તિઓ તેમજ ખોરાકનું પાચન મંદ હોય તેવી મોટી ઉંમરની વ્યક્તિઓમાં વિટામીન-Kની ઉણપ વર્તાય છે. (૪) કોઈક માંદગી દરમ્યાન એન્ટી બાયોટીક્સ દવાઓ આંતરડામાં બેકટરીયાનો નાશ કરે તેથી વિટામીન-K2 નું ઉત્પાદન થતું નથી. (૫) મોટાપો ઘટાડવા ઘણી વ્યક્તિઓ જઠર નાનુ બનાવવા માટે બેરીયાટ્રીક ઓપરેશન કરાવે છે તેથી પણ ઉણપ સર્જાય છે. (૬) વધુ પડતા શરાબનું સેવન પણ વિટામીન-K નું શોષણ-સ્ટોરેજ શરીરમાં થવા દે નહીં.

વિટામીન-K ની ઉણપથી નીચે પ્રમાણે આડઅસર - બીમારી થઈ શકે છે. ● શરીરની અંદર-બહારના અંગો- નાક, પેઢામાંથી લોહીનો સ્રાવ થાય છે. મગજનો સ્ટ્રોક પણ થાય. ● મહિલાઓમાં માસિક ધર્મ વખતે લોહી ખૂબ નીકળે છે. ● વિટામીન-Kની ઉણપ મોટી ઉંમરની વ્યક્તિઓના હાડકા નબળા બનાવે છે. ● લોહી પાતળું કરનાર કેટલીક દવાઓ પણ ઉણપ સર્જે છે, પ્રસુતા મહિલાઓ જો વોરફીન નામની દવાનો ઉપયોગ કરતી હોય તો ગર્ભસ્થ બાળકના હાડકાનો વિકાસ નોર્મલ થતો નથી. ● ઉણપથી રક્તવાહિનીઓમાં કેલ્સીફીકેશન થાય છે, જેથી રક્ત વાહિનીઓ સાંકડી થઈ જતા હૃદયને લોહી ઓછું પહોંચે તો કોરોનરી હાર્ટએટેક આવી શકે.

ઉણપ અંગેની સક્ષમ રીતે પરિક્ષણ કર્યા બાદ ડોક્ટર સારવાર નક્કી કરે છે. વિટામીન-K ની ટેબલેટસ અથવા જરૂર જણાય તો ઈન્જેક્શન અને સાથે અન્ય પૂરક દવાઓથી સમસ્યા નિવારી શકાય.

ટોકસીસીટી : ઓવરડોઝ શરીર માટે જોખમરૂપ છે. લોહીની કેટલીક ઉદ્ભવતી સમસ્યા સાથે મગજને પણ ગંભીર નુકશાન પહોંચાડે છે.

બહુ ઓછું જાણીતું વિટામીન-K આપણા શરીરમાં અગત્યની અનેક જૈવિક ક્રિયાઓ દ્વારા આપણા શરીરની સમસ્યાઓ દૂર કરવા મદદરૂપ છે. આ શ્રેણીના વિટામીનો A, D, E અને K ના ત્રણ લેખોને વિરામ આપી આવતા અંકેથી પાણીમાં દ્રાવ્ય વિટામીનો B કોમ્પ્લેક્ષ અને વિટામીન C વિશે વિગત મેળવીશું.

(ક્રમશઃ)

# કચ્છશ્રુતિનાં કલમકારો (૧)

## પ્રા. પૃથ્વી શાહ - ગાંધીનગર

• હંસરાજ કંસારા •

**પ્રાધ્યાપક, લેખક, કવિ, પત્રકાર, કોલમીસ્ટ, સામાજીક કાર્યકર, દાતા અને સાચુકલા માનવી એવા આપણા સમાજના પ્રસિદ્ધિથી હંમેશા દૂર રહી જનકલ્યાણના કામો સાથે સંકળાયેલા અમારા સાથી મિત્ર પ્રા. પૃથ્વી શાહની આજે વાત કરવી છે. આમ તો તેઓશ્રી કચ્છશ્રુતિના નિયમિત લેખક હોવા ઉપરાંત ભુતકાળમાં કચ્છશ્રુતિના તંત્રીમંડળમાં સેવા આપી હોવાથી તેઓ આપણા સૌના પરિચિત છે જ. – તંત્રી**

ઓછું અને સમજપૂર્વક બોલવું અને સમયાનુકુળ મૌન રહેવું સત્ય પ્રત્યે સમભાવી લક્ષ્ય શ્રી પૃથ્વીભાઈ શાહની વિશેષતા રહી છે.

પ્રા. પૃથ્વીભાઈ શાહ કચ્છ અબડાસાના સાંધાણ ગામના મૂળવતની છે. ૧૯૪૭ની ૨૫ જૂનના કર્ણાટકના ગદગ ગામમાં એમનો જન્મ થયો. પ્રાથમિક શિક્ષણ ભુજ અને નાગપુર હાઈસ્કુલમાં લીધું. રાજકોટ અને અમદાવાદની વિખ્યાત શેઠ એચ. એ. કોમર્સ કોલેજથી એમ.કોમ.ની ડીગ્રી મેળવ્યા બાદ અમદાવાદની એસ.વી. કોમર્સ કોલેજમાં જોડાયા અને કોમર્સ વિભાગના અધ્યક્ષપદેથી ૨૦૦૭માં સ્વૈચ્છિક નિવૃતી લીધી.

કોલેજની નોકરી દરમિયાન યુનિવર્સિટીમાં ડીગ્રી કક્ષાએ બેંકિંગ અને ફાયનાન્સ વિષયના તેઓ વરસો સુધી પેપરસેટર અને કન્વીનર રહ્યા હતા. આ ઉપરાંત ટી.વાય. બી.એ.ના અર્થશાસ્ત્રના વિષયમાં પણ તેઓ પેપર સેટર અને કન્વીનર રહ્યા હતા. તેમની પ્રતિભાને અનુલક્ષી તેમને સૌરાષ્ટ્ર યુનિ.માં વ્યાખ્યાતામાંથી રીડર અને રીડરમાંથી પ્રોફેસરોની બઢતી કમિટીના સભ્ય તરીકે ગવર્નરશ્રીના એકમાત્ર પ્રતિનિધિ તરીકે નિમણુંક થઈ હતી. અધ્યાપકની કામગીરી દરમિયાન ધો. ૧૧ના અને ધો. ૧૨ના બેંકિંગના મૂળતત્વોની સરકારી પાઠ્યપુસ્તકમાં તેમણે સહલેખક તરીકે પ્રદાન આપ્યું હતું. એ ઉપરાંત માધ્યમિક બોર્ડની પરીક્ષાના સુચારૂ સંચાલન માટે રચાતા સ્કવોડમાં પણ કન્વીનર તરીકે સેવા આપી હતી. ગુજરાત સરકાર સંચાલિત ચિંતન શિબિરમાં તેમજ પ્રૌઢશિક્ષણના સંચાલકોને પણ વિષય નિષ્ણાંત તરીકે તેમણે સેવા આપેલ.

લેખક તરીકે શ્રી પૃથ્વીભાઈના ત્રણ વાર્તા સંગ્રહ પ્રસિદ્ધ થયા છે. (૧) **વણતૂટ્યા સંબંધો** (૨) **હજુ તમે યાદ આવો છો.** (૩) **કંઈક તો કારણ છે.** તેમની કેટલીક વાર્તાઓ અમદાવાદના પ્રસિદ્ધ 'શ્રી' સાપ્તાહિકમાં 'રસ્તે રઝળતી વાર્તા' શિર્ષકથી પ્રસિદ્ધિ પામી છે. 'કંઈક તો કારણ છે' તેમનો વાર્તાસંગ્રહ માનસિક રોગીના જીવન ઉપર આધારીત છે. આ ઉપરાંત કવિ તરીકે તેમનો કાવ્ય સંગ્રહ હિન્દીમાં પ્રસિદ્ધ થયેલ છે. જેનું નામ ઢલતી શામ કા સૂરજ છે. આઝાદીથી ૧૯૯૬ સુધી કાશ્મીરમાં પાકિસ્તાન દ્વારા થતી રાજરમત ઉપરનું તેમનું પુસ્તક **'કાશ્મીર', 'ગુલાબી ઉપવનમાં લાવા'**ને ભારે પ્રસિદ્ધિ મળી હતી. આ ઉપરાંત ગાંધીનગરમાં વસવાટ કરતા લેખકોને પ્રોત્સાહન આપવા 'ધબકતું નગર' નામે એક વાર્તા સંગ્રહ તેમણે સ્વખર્ચે પ્રસિદ્ધ કર્યું હતું.

આકાશવાણીના યુવવાણી વિભાગના તેઓશ્રી ફિચર રાઈટર - માનદ્ પ્રોડ્યુસર રહ્યા હતા. તેમની 'મહાદાનનો મહિમા' શ્રેણીને શ્રોતાઓએ ખૂબ પ્રશંસા પામી હતી. આ ઉપરાંત અંગ્રેજીમાંથી ગુજરાતી અનુવાદક તરીકે તેમણે આપેલ સેવાને ગુજરાતના પૂર્વ ચીફ જસ્ટીસશ્રી બી. જે. દિવાને પ્રમાણપત્રથી બિરદાવેલ.

સરકારે પણ તેમની પ્રતિભાની નોંધ લઈ વિવિધ સમયે વિવિધ સમિતિમાં તેમની નિમણુંક કરી હતી. જેમાં જિલ્લા રમતગમત સમિતિ, જિલ્લા નાગરિક પુરવઠા સલાહકાર સમિતિ, પ્રૌઢશિક્ષણ સમિતિ, જિલ્લા અછત રાહત સમિતિ, સિવિલ હોસ્પિટલ સલાહકાર સમિતિ, ગાંધીનગર વિભાગીય માર્ગવાહન વ્યવહાર સમિતિ મુખ્ય છે. રાજયકક્ષાએ ઈન્ડિયનિ રેડક્રોસ સોસાયટીના એક્ઝીક્યુટીવ કમિટિમાં અને સેંટ જહોન એમ્બ્યુલન્સ એશો.ની કમિટિમાં ગવર્નરશ્રી તરફથી તેમની નિમણુંક થઈ હતી. આ ઉપરાંત ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશ્યલ વેલ્ફેરની રાજ્ય કમિટિમાં પણ તેઓશ્રી બે વર્ષ સુધી સભ્ય તરીકે સેવાઓ આપી હતી.

આ બધી સામાજીક સંસ્થાઓની પ્રવૃત્તિઓ ઉપરાંત વધુ તેમની નોંધનીય કામગીરી માનસિક રોગીઓ માટે રહી છે.

માનસિક રોગીઓને સંપર્ક કરી તેમણે પંદરથી વધુ લેખો લખ્યા છે, જે કચ્છશ્રુતિ ઉપરાંત ગુજરાતના માતબર અખબારમાં છપાયા છે. એ ઉપરાંત ૧૯૮૭-૮૮ દરમિયાન કચ્છની વિવિધ સમસ્યા અંગે ગુજરાત સમાચારમાં તેમણે અભ્યાસપૂર્ણ લેખો લખ્યા હતા. 'કચ્છવૃત' કોલમથી આ સમસ્યા વિસ્તૃત રીતે સ્થાન પામી હતી. એમના આ લેખોમાં કચ્છના રસ્તા, શિક્ષણ, સંદેશાવ્યવહાર, નર્મદા યોજના વગેરે સંદર્ભના લેખો મહત્વ પૂર્ણ હતા. રાજ્ય સરકાર પણ જેની યોગ્ય નોંધ લીધી હતી.

ગાંધીનગરમાં તેમનું સામાજીક પ્રદાન નોંધનીય છે. તેમણે ૭૯ જેટલી રક્તદાન શિબિરોનું સફળ આયોજન કર્યું છે. ગાંધીનગર નજીક આવેલ વાવોલ ગામની હાઈસ્કુલમાં દર વર્ષે ૫૦ જેટલી બહેનોને યુનિફોર્મ અને નોટબુક વગેરેનું વિનામૂલ્યે વિતરણ કરે છે અને અતિ ગરીબ બહેનોના શિક્ષણનો ભાર પણ ઉપાડે છે. નાના બાળકોને શર્ટ વિતરણ અને ધાબળા વિતરણ એ તેમની નિયમિત પ્રવૃત્તિ છે.

તેમનું શૈક્ષણિક તેમજ ધાર્મિક ક્ષેત્રે યોગદાન પણ નોંધનીય છે. ગાંધીનગર સાંઈબાબા-ઝુલેલાલ મંદિરમાં ચાર લાખ ઉપરાંતનું દાન. અમદાવાદના કચ્છી જૈન સમાજમાં પંદરેક હજારના પુસ્તકો ઉપરાંત ચેસ-કેરમ સ્પર્ધાના આયોજન માટે દાન કચ્છશ્રુતિમાં વિવિધ હરિફાઈ માટે પ્રોત્સાહન, ગાંધીનગર કચ્છ મિત્રમંડળના સ્થાપક મંત્રી તેઓશ્રી હતા. દર વર્ષે આયોજીત વાર્ષિક સમારંભમાં કેટલાક ઈનામો તેમના તરફથી હોય છે.

ભૂતકાળમાં મોરબીમાં ભારે હોનારત થયેલ અને સેંકડો લોકો મોતને ભેટ્યા હતા, ત્યારે કાર્યકરો સાથે કેટલાય દિવસ મોરબીમાં રહી સફાઈ ઝુંબેશમાં મહત્વનું પ્રદાન આપ્યું હતું. એ જ રીતે ૧૯૭૩માં સાબરમતીના ઘોડાપૂર વખતે અમદાવાદની પાલડીની સોસાયટીમાં સેવા બજાવી હતી.

ગુજરાત સમાચાર, પ્રભાત, ટાઈમ્સ આદિ જેવા અખબારમાં તેમના અભ્યાસપૂર્ણ લેખો પ્રકાશીત થતા. કટાર લેખક તરીકે ગાંધીનગર સમાચાર માટે પણ તેઓ નિયમિત લખતા હતા. 'આસપાસ' સાપ્તાહિક જેવામાં પણ તેમના લેખો અવારનવાર પ્રકાશીત થતા હતા. શ્રી પૃથ્વીભાઈએ આજીવન એકલવાયું જીવન પસંદ કર્યું હોવા છતાં એમના માટે, સમસ્ત સમાજ સાથે સદૈવ સંકળાયેલા રહ્યા છે અને એજ એમની વિશેષતા રહી છે.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

તા. ૮-૨-૨૦૧૪ના શનિવારના રોજ શ્રી કચ્છી સમાજ-અમદાવાદના પ્રમુખશ્રી કૈલાસદાન ગઢવીના પ્રમુખપદે એક બેઠક મળેલ હતી. જેમાં સંસ્થાની આગામી સમયમાં થનારી પ્રવૃત્તિ તથા આયોજનો બાબતે વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરાયેલ હતી. જેમાં અષાઢી બીજ વિશેષાંક, એજ્યુકેશન હેલ્પલાઈન, કચ્છથી આવતા વિદ્યાર્થીઓ માટેની પેઈંગ ગેસ્ટ વિગેરે બાબતો તેમજ હોસ્ટેલ અંગે, મેડીકલ કેમ્પ, કચ્છ નર્મદા બ્રાન્ચ કેનાલની કામગીરી બાબતે કચ્છ પ્રવાસ, કચ્છ દૈનિક પત્રિકા, આગામી અષાઢી બીજ નિમિત્તે કાર્યક્રમ યોજવા જેવી અનેક મહત્વની બાબતોની ચર્ચા કરવામાં આવેલ હતી.

આ બેઠકમાં પ્રમુખશ્રી કૈલાસદાન ગઢવી ઉપરાંતશ્રી અશોક મહેતા, ઘનશ્યામભાઈ ઠક્કર, જગદીશભાઈ ઠક્કર, હંસરાજ કંસારા, દિનેશભાઈ મહેતા, ભરત ઓઝા, સંજયભાઈ ઠક્કર, મનુભાઈ કોટડીયા, હિમાંશુ ઠક્કર સહિતના અગ્રણીઓ હાજર રહીને ચર્ચામાં ભાગ લીધેલ હતો. આ બેઠકમાં નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવી હતી.

એજ્યુકેશન હેલ્પ લાઈન : શ્રી હિમાંશુ ઠક્કર

અષાઢી બીજ કાર્યક્રમ અંગે : શ્રી મનુભાઈ કોટડીયા

કચ્છશ્રુતિ અષાઢી બીજ વિશેષાંક અંગે : શ્રી ભરત ઓઝા, મુખ્ય તંત્રી શ્રી હંસરાજ કંસારા-સલાહકાર

કચ્છ દૈનિક પત્રિકા : શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી હંસરાજ કંસારા, શ્રી દિનેશ મહેતા

આગામી સામાન્ય સભા બાબતે : શ્રી અશોક મહેતા

જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને તથા હાયર એજ્યુકેશન માટે લોન વ્યવસ્થા અંગે : શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી હિમાંશુ ઠક્કર

આ ઉપરાંત કારકિર્દી માર્ગદર્શન અંગે શ્રી હિમાંશુભાઈ ઠક્કર શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલય ખાતે દર મહિનાના પહેલા સોમવારે સાંજે ૫ થી ૮ કલાકે રૂબરૂ મળી શકશે.

આ ઉપરાંત શ્રી કચ્છી સમાજની નિયમિત બેઠક દર મહિનાના ચોથા શનિવારે સાંજે ૫ થી ૮ કલાકે સંસ્થાના કાર્યાલય પર મળશે. સંસ્થાના હોદ્દેદારો ઉપરાંત કોઈપણ સભ્ય આ બેઠકમાં ભાગ લઈ શકે છે.

પુસ્તક પરિચય

# ‘ઉછાડી દે આભને’ લેખક : નારાયણ શનિશ્ચરા

● ડૉ. રમેશ ભટ્ટ ‘રશ્મિ’-નખત્રાણા ●

લ્યો.. ફરી એકવાર માંડવીની ભીતરી લીલીછમ હરિયાળીમાં આળોટીએ.. સ્વપ્નમાં જેમ અજાણ્યો મુલક પોતીકો લાગે છે. એમ કળા-શિક્ષણને વહેલ માંડવીની ભીતરી લોમ જેવા મહેરામણનાં મોતીડાંને મળ્યાં પહેલા આપણાં ગરબા ગીત (નવરાત્રીમાં નાની બાળાઓ માથા પર ગરબો મૂકીને ‘ભાઈનું નામશું’ પૂછીને ઘેર ઘેર જઈ ગરબો ગાય છે) નો સંદર્ભ ‘મડઈ જી માટલી ગોર રસીયા’ એટલે યાદ આવે છે કે લોકગીતો, બાળગીતોમાં પણ માંડવીનો સંદર્ભ મબલ છે. એના પર વિશેષ પ્રકાશ ગુરૂવર્ય ડૉ. દિનેશભાઈ એમ. જોશી પાડી શકે. હા.. માંડવી એટલે સાગર સમીપે ઊભેલી એક અડીખમ સંસ્કૃતિ નગરી.. ‘ઉછાડી દે આભને’ લેખકશ્રી નારાયણ શનિશ્વરાનું ત્રીજું પુસ્તક (સમીક્ષાની દૃષ્ટિએ) ના મુખપૃષ્ઠ પર માંડવીની પ્રકૃતિની પ્રતિકૃતિ રૂપ નર્તકીની મતવાલી, પ્રસન્ન અંગભંગિમાની પાર્શ્વભૂ મા સૂર્ય-ચંદ્ર બંનેની છાયાત્મક ઉપસ્થિતિમાં લેખકશ્રીનો પ્રસન્ન ચહેરો અને તેની નીચે ચિત્રપટની જેમ સમય સાથે સંદર્ભમાં માનવીયું કે જેઓ આ નગરીની કિર્તીના મુગટના ચાંદ છે.

એમનાં તૈલચિત્રોમાં દાનવીર સુંદરજી સોદાગર, દાનવીર નવીન મહેતા, પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, પ્રો. કે.ટી. શાહ, ડૉ. જયંત ખત્રી, દીકરીઓ-બેનો ની તસ્વીરો એક આખા યુગ જેટલા સમયનું પ્રતિનિધિત્વ કરે છે. છેલ્લા ટાઈટલ પર કવિ-લેખકશ્રી હસમુખ અબોટી ‘ચંદન’ દ્વારા લેખકશ્રીનો શબ્દલેખ ‘દર્પણ સામે ઈતિહાસનું દર્પણ ધરતા’ શ્રી નારાયણ શનિશ્વરાનો મિતાક્ષરી પણ મબલખ પરિચય લેખ લખ્યો છે. એમાંથી નારાયણભાઈની સ્મિત પ્રચૂર તસ્વીરના સફેદવાળ સાક્ષી જેવા છે. પ્રથમ મુખપૃષ્ઠ ઉપર તેમની બે તસ્વીરો છે. જેમાં ભાવભેદ એટલે કે નિર્દિષ્ટ સમય વચ્ચેના અવકાશનું આલેખન દેખાય છે. નૃત્યક્ષેત્રે નામાંકિત કિંજલબેન શાહ અને અભિયનક્ષેત્રે નામના પ્રાપ્ત અંજલી ગોર.. એમ સર્વેને મળતાં માંડવીના બહુ આયામી કળા-સેવા-સંસ્કૃતિ ક્ષેત્રના માયાળુ મુલકમાંથી પસાર થવાનું અનુભવાય છે. મહાકવિ પુષ્પદંતે ‘શિવ મહિમ્નસ્તોત્ર’ માં ‘અસિતગિરી સમંસ્યાત્’ શ્લોક લખ્યો છે. જેમ ઈશ્વરીય ગુણો શબ્દોમાં વર્ણવી શકાતા નથી. એમ દેવાંશ મનુષ્યોના ગુણો પણ શબ્દસ્થ કરવા અત્યંત કઠિન હોય છે. કેમ કે ગુણ સંકીર્તન અને સ્તુતિ એકમેકમાં મળી જાય તો ચાલે, ભળી ન જાય તે જરૂર છે. પણ પાણીના સામા પ્રવાહે ચાલનારા નારાયણભાઈ આ શબ્દચિત્રોમાં કળા, તત્વ, સત્વ અને સત્યને સંપૂર્ણપણે સત્યાન્વેશી રહીને, તટસ્થપણે આલેખી શક્યા છે. કેમ કે અહીં જે નર-નારી રત્નોની યશગાથાએ તેમણે ગાઈ છે. તેમાં અનુભૂતિ, વાસ્તવ અને શ્રદ્ધા સમાંતરે ચાલે છે. સોનેટ કાવ્યની જેમ તેમાં હકીકતો - શબ્દોની લેશમાત્ર વધ-ઘટ નથી.

‘ઉછાડી દે આભને’ માં કુલ ૧૬૦ વ્યક્તિ વિશેષોના લેખો છે. વિભાગ-૨માં ૩૭ વ્યક્તિ વિશેષ લેખો અને વિભાગ-૩માં કુલ ૧૩ સંક્ષેપ લેખો છે. સમાપનમાં લેખકશ્રીનો સ-રસ પરિચય લેખ છે. મુખપૃષ્ઠ પર દાનવીર-શ્રેષ્ઠી શ્રી ખીમજી રામદાસ, મોહન બાવાજીની તસવીરો દ્વારા લેખકની માંડવી પ્રીતિ જાણવા મળે છે. લેખક સચરાચર વ્યાખ્યા છે.

સુંદરજી સોદાગર વિશે ભણવામાં પાઠ આવતો - એવી જ સરળ રસાળ ભાષા સાથે તવારીખી નોંધોમાં આંકડાકીય માહિતી અજબ છે. જેમાં કચ્છના તીર્થો, ધર્મશાળાઓ, જનસેવા, બૃહદ કચ્છમાં કહેલી સત્ પ્રવૃત્તિઓની નોંધો સરસ છે. આજે ટેકનોલોજીના યુગમાં આવા લેખો ઇન્ટરનેટ ઉપર મુકાય તો વિશ્વભરમાં આ મૂલ્યવાન માહિતી પ્રાપ્ત થઈ શકે છે. જેઠીબાઈ ખત્રીયાણી વિરાંગના અને મહાન નારી હતી. મહામુત્સદ્દી જેઠીબાઈની અમરગાથામાં લેખકનો ભાષા વૈભવ માણી શકાય છે. તેજીલા તોખાર જેવી બડકમદાર ભાષા અહીં છે. સ્વાતંત્ર્યવીર, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા વિશેનો લેખ ઈતિહાસની પડખે ઊભો રહી શકે તેવો છે. ખૈયો ખત્રી કે જેમણે ભગવાન સ્વામીનારાયણના સાક્ષાત્ દર્શન કરેલા - આ લેખની ભાષામાં ભાવ, ભક્તિ, અધ્યાત્મ નીતરે છે. મીરાંની પાયલ અને નરસિંહની કરતાલ આ લેખમાં સતત વાગતાં મને, તમને અનુભવાય છે. કચ્છ રાજયના બક્ષી વૈકુંઠ અબજી મહેતાના લેખમાં રાજપાટ અને તેની ગતિવિધિઓની ભાષાના ચમકારા છે. વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઈન્દ્રજી વિશે તેમને સરળ-રસાળ ભાષામાં લલિતગદ્ય પીરસ્યું છે.

શ્રી ટોપણ શેઠના નાનકડા લેખમાં 'પધાવાવ' ની મરામત કરાવવાની જિજીવિષા બરકરાર છે. લક્ષ્મીદાસ રવજી સંપટ કાવ્યરસિક, જ્ઞાની, અધ્યાત્મ જિજ્ઞાસુ હતા. આ લેખમાં 'સંત નિવાસે' જવાનો પથ છે. હિંમતવાન, મુત્સુદ્દી લક્ષ્મીદાસ સંપટને મહારાવશ્રી ખેંગારજીએ પોલીસ કમિશ્નર પદે નિયુક્ત કરેલ તેવો ઉલ્લેખ છે. સ્વામી સુખાત્માનંદજીની પરમપદપ્રાપ્તિની ભક્તિગાથામાં પૂ. શ્રી નો પરિચય અને યોગ બેઉ સમાંતરે ચાલે છે. પ્રો. કે. ટી. શાહ કે જેઓ બંધારણ સભાના સભ્ય, પ્રખર અર્થશાસ્ત્રી હતા. તેમણે ૩૯ પુસ્તકો લખ્યાં છે એવા મહામાનવ પ્રો. શાહનો લેખ ખૂબ જ સરસ છે. માહિતી અને હકીકતનું તથ્ય લેખને સજાવે છે. શણગારે છે. એવું અચૂક કહી શકાય. પ્રખર ગાંધી વિચારવાદી ગોકુલદાસ ખીમજી બાંભડાઈનો રસાળ લેખ છે. શિક્ષણપ્રેમી, સેવાપ્રેમી ગોકુલદાસ તેજપાલ વિશેનો લેખ માહિતીસભર અને સેવાક્ષેત્રે જોડાયેલા કે જોડાવા ઈચ્છનારની કર્મ પ્રણાલી વર્ણવે છે.

રામકૃષ્ણ હાઈસ્કુલના સ્થાપક શ્રી નાનાલાલ વોરાની કલાસાધના અજોડ છે. શ્રી ગોકુલદાસ હંસરાજ ત્રણટુકર વિદ્યાપ્રેમી મહામાનવ હતા. એવો એમનો નાનકડો વીજળીના ચમકારા જેવો લેખ છે. લેખક થોડામાં ઘણું કહી શકવાની હથોટી ધરાવે છે. તેઓ વર્ણન અને સંક્ષેપ બેઊને પૂરો કળામય ન્યાય આપી શકે છે. તે નોંધવા જેવી બાબત છે. મસ્કા ટી.બી. કલીનીકના સ્થાપક ડૉ. છોટાલાલ જાદવજી મહેતા કે જેઓ આંખના ડૉક્ટર હતા. તેમનું આરોગ્યસેવા અને શિક્ષણનું માંડવીને વરદાન છે. દાનેશ્વરી ખીમજી રામદાસનું નામ વિશ્વ વિખ્યાત છે. એમના વિશેનો લેખ ખૂબ જ સરસ છે. લેખકે પારિવારીક પરિભાષાની પરિસ્થિતમાં કલમને હૃદયરસમાં ડૂબાડીને લખ્યું હોય તેવું છે. ઊડીને આંખે વળગે તેવી હકીકતો દરેક લેખમાં આંકડાકીય માહિતી મોટાભાગે છે. આ લેખકની ધગશ, નિષ્ઠાને કારણે હોય છે. પૂર્વ મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતાના લેખમાં સચોટ માહિતી છે તો સુરજી વલ્લભદાસ આર્ટસ કોલેજના સ્થાપકશ્રીની યશોગાથા સરસ છે. શ્રી અનંતભાઈ ડી. દવે વિશેનો લેખ સરસ અને બળકટ ભાષામાં છે. રતનશી મુળજીની આરોગ્ય સેવા વિશે સરસ ભાવવાહી વર્ણનો છે. આરોગ્ય સેવા સમર્પિતિ ઈસ્માઈલ હાજી જૂણેજી વિશેના લેખમાં માંડવીની માટીમાં પડેલી 'માંદાને સાજો કરવાની' તમન્ના છે.

પદ્મશ્રી પ્રો. જે. જે. અંજારીયા વિશે શબ્દશઃ કિંમતી માહિતી અપાઈ છે. 'આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રીઓની પ્રથમ પંક્તિના નિપુણ, વિદ્વાન, આદર્શ શિક્ષક' (પાના નં. ૪૭) લખાણના ગદ્યની ગતિમાં એક લય સંભળાય છે. શેઠ મેઘજી સોજપાલની સેવાની નોંધો માણસને હામ-જોમ આપે છે. કવિ 'અબ્દ' ના લેખમાં સાહિત્યની ભાષાનો પ્રસાદ અનુભવાય છે. ભૂતપૂર્વ ધારાસભ્ય જયકુમાર સંઘવી વિશેની નોંધ ચમકારા જેવી છે. ગુજરાતી નવલિકાને આકાર, સત્વ, તત્વ દેનારા ડૉ. જયંત ખત્રીની નવલિકાની રચના સંવિધાનની ભીતરી વાતો મનભરી કહે છે. (પાના નં. ૫૩)નો ટ્રેડ યુનિયનની કામગીરીનું વર્ણન અજબ છે. વાસ્તવવાદના અનન્ય આરાધક (પાના નં. ૫૫) દ્વારા ડૉ. જયંત્ર ખત્રીની ભીતરની ભોમમાં પ્રવેશવાની પળોમાં સાહિત્ય તત્વ છલકાય છે.

પ્રખર વક્તા શ્રી હરીરામ કોઠારીના લેખમાં 'સ્વ-અધ્યાય' છે. લેખક સ્વયં એમની સાથેના સંસ્મરણો અત્યંત લાઘવની સ્મરે છે. આઝાદીના લડવૈયા કાકુમારાજ (દેવજી નાનજી જોશી)ના લેખમાં તો ઈતિહાસ અને ભાષા સમાંતરે ચાલે છે. રૂંવાડા ઊભા કરી દેતી તેજાબી ભાષા અને આંખો છલકાવતી લાગણીની ભાષા ભારોભાર છે. શિક્ષણ સેવામૂર્તિ શ્રી ઝુમખલાલ મહેતા વિશેનો લેખ ઉત્તમોત્તમ છે. શ્રી નારણજી મચ્છરની યશોદાયી સેવાધારી કર્મનિષ્ઠાની વાતો તેમના લેખમાં લેખકે આબેહૂબ વર્ણવીને ભાષા શક્તિ દર્શાવી છે. શિક્ષણપ્રેમી શ્રી ચુનીલાલ વેલજી મહેતાનો લેખ નાનો પણ ચોટદાર છે. માજી કાયદામંત્રી નવીનભાઈ શાસ્ત્રીના લેખમાં શબ્દોની તાકાત ભરી છે. શાહ સોદાગર કલ્યાણજી ધનજી શાહના લેખમાં હકીકતોની વણઝાર અને વાસ્તવ વચ્ચે અજબ સંગત છે. શ્રી શનિશ્ચરા અહીં ખીલ્યા છે. હાજી અહમદશાહ બાવા બુખારીની સેવાભાવના ખુલ્લા મનથી ગાય છે. અને હાજીશ્રીએ લખેલા પુસ્તકોની યાદી આપી છે. તે અજોડ છે. આમ અત્યાર સુધી જે ૨૯ વ્યક્તિ વિશેષોના લેખો લખ્યા છે. બાકીનાઓ વિશે આવતા અંકોમાં લખીશું. તે દરમ્યાન લેખકશ્રીની નિષ્ઠા, સત્ય સુધી પહોંચવાની તમન્ના, આંકડાકીય માહિતીનો સંગ્રહ, તથ્યો વચ્ચે રહેલી એકાત્મકતા, સ્મૃતિ, શ્રુતિ અને માતા જેવી મનહર માંડવીની ભૂમિ પ્રત્યેની સંવેદના વર્ણવવા એક-એક લેખના એક-એક શબ્દ પર પુસ્તકો લખી શકાય તેમ છે.

મૌલિક વાર્તા

# મામધ રફી - મારો નિશાળીયો

● બલવીરસિંહ જાડેજા-અમદાવાદ ●

શિયાળાની લાંબી રાત્રીમાં, ઘણી વાર ઊંઘ પૂરી થઈ જતાં વહેલી સવારે, આંખ ખૂલી જાય, તેવું આજે બન્યું. નિત્યક્રમથી પરવારી, છ વાગતાં, રેડીયો ઉપર આકાશવાણી સાંભળવાની ઈચ્છા થઈ આવી. જેવો રેડિયો ચાલુ કર્યો કે, સંભળાયું 'હવે સાંભળો મામધ રફીના કંઠે' એક પ્રાચીન ભજન, બોલ છે, 'પરથમ સમરૂં ગણપતિ દેવા... અને શરૂ થયું એક તારાની સાથે, મારા જાણીતા અવાજમાં ભજન.

અરે... આ તો અમારો મામધ. મામધ રફી તરીકે જાણીતો થયેલો મારો નિશાળીયો. વર્ષો પહેલા મામધના કંઠે, આ અને આવા કેટલાય ભજનો, મીરાંબાઈ જેવા સંતોના પ્રાચીન ભજનોની મનોમન યાદી થઈ આવી.

ઉનાળાની અજવાળી કે અંધારી રાતોમાં, ગામના મંદિરના ઓટલે કે કોઈના ઘરે પ્રસંગોપાત કે શિયાળાની ઠંડી રાતોમાં બંધ મકાનમાં પેટ્રોમેક્ષના અજવાળે, ગામની ભજન મંડળી એટલે હારમોનીયમ ઉપર નાના બાપુ, તબલા ઉપર ચાંપશી ઠક્કર કે કોઈ વાર બાજુના ગામમાં રહેવા જતા રહેલા પરંતુ અમારા જ ગામના લંઘા કોમમાંથી બોલાવાયેલો, ફકીર ઉસ્તાદ લંઘો, કરશન હમીર બારોટ જેવા, રેડિયો કલાકાર અને તાલુકાના જાણીતા ભજનીકની સાથે, ત્રીકુ સુતાર, મામધ સૈયદ, ખજૂરીયો ખવાસ જેવા શિખાઉ અને ધીમે ધીમે અનુભવી થઈ રહેલા ભજનીકોની ટોળી, મંજીરા ઉપર ગુસાંઈ બાવો વગેરેની સાથે. થોડા ઘણા ભજનોના શોખીનો, હિન્દુ-મુસલમાનના ભેદભાવ વગર, બે-ત્રણ વાર પીવાતી ચા અને વારંવાર પીવાતી બીડીઓના સહારે મોડી રાત સુધી ભજનોની રમઝટ હજી સ્મૃતિ પટ પર તાજી ઘટનાઓની જેમ આજે પણ યાદ છે.

ઉનાળાના લાંબા વેકેશનમાં કચ્છના ગામડે, વતનમાં જતો ત્યારે, 'ભાઈ કોલેજમાં ભણે છે. મોટા સાહેબ થવા ના' એવી ગામના લોકોમાં માન્યતા ખરી. તેમાં પણ એન્જીનીયરીંગના એક વર્ષમાં 'દૂડી' લગાવેલી ત્યારે એક નવી નવી શાળા ઉભી કરવા, માસ્તર બનીને, વર્ગો ચલાવેલા તેથી, 'ભાઈ તો માસ્તર છે' એવી છાપ ઉભી થયેલી.

'માસ્તર સાહેબ અમને ભણાવો ને !' 'અમારે વાંચતા-લખતાં શીખવું છે ! કેમ ?' મારે અને આ ખજૂરીયા ને ભજનની ચોપડી વાંચતા આવડે તો ભજન યાદ રાખી શકાય ને એટલે !' મામધે કહેલું - દિવસ દરમ્યાન તો સૌ પોત-પોતાના વ્યવસાય કે કામધંધામાં રચ્યા-પચ્યા હોય પણ રાત્રે વાળુ પાણી કરી. નવરા પડે, એવે વખતે ભણવાનું નક્કી થયું. મારી અંદર રહેલા શિક્ષકના આત્માએ, સૌનો પ્રેમ અને લાગણી સભર દરખાસ્ત, સ્વીકારી ભણાવવાનું નક્કી કર્યું. એ વખતે તો વિજળીના દિવા તો હતા નહીં, હું મારું ફાનસ લઈ. અમારી પણ વપરાતી મેડી ઉપર. ઠંડા વાયરામાં રાતે, વાળુપાણી પતાવી, રાત્રે આઠ-સવા આઠે પહોંચી જતો અને પછી આખા દિવસના પોતાના કામથી પરવાળી, કોઈ મજૂરી કરનારા, કોઈ ખેતર-વાડીમાં સાથી પણું કરનારા, કોઈ બકરા ચારવાવાળા, કોઈ કુંભાર, ગધેડાથી માટી-રેતી પથ્થર વગેરે ચણતરનો સામાન પહોંચાડનારા, પોત-પોતાના ફાનસ અને પાટી અને પેન લઈને આવી પહોંચતા. કેટલાય પોતાના સાથે આવવાની જીદે ચડેલા નાના છોકરાઓને પણ લઈને આવતા. ઘણા ખરા કુતુહલથી પણ આવતા. આ બધામાં મુખ્ય હતા. મામધ અને ખજૂરીયો ભજનીક અને હાસમ કુંભાર જેને ગધેડાનો હિસાબ શીખવો હતો. બે-ત્રણ હરિજન પણ માટી કામમાં, હિસાબની સમજણ પડે તો સારું' એવું સમજી એ પણ શીખવા આવતા પણ મોટા ભાગનાને પોતે ન ભણી શક્યાનો અફસોસ હતો અને તક મળી છે તો ભણવું શીખવું હતું.

અમારી રાત્રી શાળાની વાત ગામમાં બે-ચાર દિવસમાં તો એવી ફેલાઈ ગઈ કે, એક અઠવાડીયામાં તો સંખ્યા થઈ ગઈ ૧૪ થી ૧૫ નિશાળીયાની.

મૂળાક્ષરો કે બારાખડીથી શરૂઆત થઈ અને આપણી કહેવત પ્રમાણે, આપણે સૌ 'આરંભે શૂરા'ની જેમ ક, ખ, ગ, ઘ, .. અને ૧ થી ૫ આંકડા સુધી ઘણા ખરા આઠ થી દસ દિવસમાં જ શીખી ગયા. જો કે પાકા ઘડે કાંઠા ચડાવવા સહેલા નથી હોતા એ પ્રમાણે ઊંધો 'ક' કે ઊંધો એકડો સાચો શીખડાવ્યા પછી અને પાટીમાં ઘૂંટાવ્યા પછી આ બધા મોટી ઉંમરના દ્વારા લખાતો એ સામાન્ય બાબત હતી. ગમ્મત એ વાતની હતી કે, ભણવાના ઉત્સાહ સાથે આ જાય છે એટલે હું પણ જઈશ અને મામધ અને હાસમ કુંભાર જાય છે એટલે હારૂ પણ આવતો, કાનજી પણ આવતો.

મંગો હરીજન પણ આવતો અને ચાર છોકરાનો બાપ, સલેમાન પીંજારો પણ આવતો. પરણેલાઓ અને છોકરાના બાપ, હાથમાં ફાનસ અને પાટી પેન લઈને નીકળે ત્યારે ઘરવાળાઓ હાંસી ઊડાવતા. મેણાં મારતા વાત-વાતમાં ભણેશરી કહીને મશ્કરી કરતા. દિવસ દરમ્યાન મને ભેગા થઈ જાય તો ગામની વહુ-વારૂઓ લાજ કાઢીને મશ્કરી કરતા છતાં એક મહિના સુધી નિયમીત ચાલી આવેલી અમારી નિશાળનો ઉત્સાહ જોઈને હું ભણતરના ફાયદાઓ અને ભણતરથી આવતી સમજણ વિગેરે-વિગેરેથી મારા યુવાન અને મારાથી ઉંમરમાં મોટા મારા નિશાળીયાઓનો ઉત્સાહ વધારતો પણ ક્યારેક ઉત્સાહ ઠંડો પડી જતો. જ્યારે ક થી ઞ સુધી પહોંચ્યા પછી ટ, ઠ, ડ, ઢ, ણ ની શરૂઆત થતી ત્યારે. કારણકે ટ અને ડ તેમજ ઠ અને ઢ, શીખવા અઘરા પડતા અને ઊંધા ચત્તા થઈ જતા. અને સૌથી મોટી વાત કે ફરી વાર થોડી દિવસ પછી પ્રેકટીસ કે મહાવરા વિના આગળ શીખેલા ક, ખ, ગ, ઘ વિગેરે ભૂલાઈ જતા.

થોડું ઘણું શીખ્યા ન શીખ્યા ત્યાં મારું વેકેશન પુરું થવા આવતું. ફરી હું પોતે હોસ્ટેલમાં જતા પહેલા લખવાની પ્રવૃત્તિ ચાલુ રાખવાની, અરે ગોખવાની શિખામણ આપી અને નવરાશે અભ્યાસ ચાલુ રાખવાની બાંહેધરી લઈને જતો.

પણ પછી રાત ગઈને વાત ગઈ. ફરી મારા બીજા વેકેશનમાં અમારી રાત્રી શાળા ચાલુ થતી. ફરી એકડે એકથી બધું ચાલુ થતું ઘણા જૂના નિશાળીયા જતા રહેતા. ઘણા નવા આવતા. પણ મામધ, ખજૂરીયોને હાસમ કુંભાર તો હંમેશા રહેતા આ રીતે મારો અભ્યાસ પૂરો ન થયો ને જ્યાં સુધી મને વેકેશન મળતા રહ્યા ત્યાં સુધી ચાર વેકેશન અમારી નિશાળ ચાલુ રહી આ ત્રણે નિશાળીયા પોતાની કોઠા સુઝ અને ઉત્સાહથી આવડત પ્રમાણે ઘણું શીખ્યા. મામધ ભજનો ગાતો, યાદ રાખતો અને ફરી ફરી ગણ-ગણતો અવાજ સારો હતો એટલે સ્વ. મહમદ રફીનો ઈલ્કાબ લોકોએ મામધને આપી બનાવી દીધો. મામધ રફી મામધની એક જ ખ્વાહીશ હતી કે રેડીયો ઉપર ગાવું.

ભણ્યા પછી કારકિર્દીની હાય-વોયમાં તેમજ વતનથી દૂર સ્થાયી થવાનું બનતા તેમજ વડીલો પણ વિદાય થતાં, ધીમે ધીમે વતન સાથેનો નાતો ઓછો થતો ગયો. પહેલાં વારંવાર જવાનું બનતું પછી ઓછું થતું ગયું. જ્યારે જવાનું થતું ત્યારે મારા નિશાળીયાઓ કોઈ-કોઈ કોઈવાર મળતાં. સૌ પોતાના સંસારમાં વયસ્ત થયેલા એવા સમાચાર મળતા મામધ મળતો ત્યારે અહોભાવથી મળતો અને ચા પીવા જરૂર લઈ જતો. છેલ્લે આકાશવાણી ઉપર 'ઈન્ટરવ્યુ આપ્યો છે.' એવું મને કહેલું.

ગામના થોડા ઘણા સાથે ફોન કે મોબાઈલના સંપર્કે ગામના હાલ-હવાલ મળતા રહેતા.

તે દિવસે ગામમાં રહેતા બાવાજી સંતોષપુરી ને મોબાઈલ દ્વારા ગામના હાલ પૂછ્યા અને ખાસ કરીને મામધ-રફી વિશે જાણ્યું.

હવે તો મામધ-બુઢ્ઢો થઈ ગયો છે. આંખો પણ ઝામરને લઈને જતી રહી છે પણ શારીરિક રીતે હજી કડે-ધડે છે. દિકરાના દિકરા, પોત્રા સાથે લાકડી લઈને ફરે છે. છોકરાઓ પાસે એમની ભણવાની ચોપડીઓમાંથી પાઠ કે વાર્તા વંચાવી, સાંભળી ખુશ થાય છે. મીરાંબાઈ કે નરસિંહ મહેતા કે બીજા કવિઓની કવિતા કે ભજન, વારંવાર સાંભળી, યાદ રાખી, ઢાળ બેસાડી. પોતાનો તંબૂરો લઈને 'રીયાઝ' કરે છે અને હજી ક્યાંક ભજન થવાની ખબર પડે કે આમંત્રણ હોય કે ન હોય. વગર આમંત્રણે પોતાના છોકરાઓ પાસે જીદ લઈને ભજન ગાવા જાય છે અને શરૂઆત પણ એ જ ભજનથી કરે છે કે 'પરથમ સમરૂં ગણપતિ દેવા...' અને સાંભળનારાઓને ભક્તિરસમાં તરબોળ કરી વાહ-વાહ મેળવે છે. આવો છે મારો નિશાળીયો - મામધ રફી.


કચ્છી શીખો

## કચ્છી શબ્દોના અર્થ : Quiz No. 4


• કિરીટ નંદુ •

(૧) ગભરૂ (૨) જિતા (૩) પોચટ (૪) મતરઈ (૫) જુંઢો
(૬) અઢઈ અખરો (૭) ઓતરો (૮) ગતાગમ (૯) ચોપો (૧૦) તોરીલો


**જવાબો :** (૧) નાનું બાળક (૨) જ્યાંથી (૩) ઢીલો (૪) સાવવકી મા (૫) જિદ્દી (૬) જાદુગર (૭) ઉત્તર દિશામાં / ઉત્તરાદો (૮) ખબર, જ્ઞાન (૯) ઢોર (૧૦) અતિ ધૂની



|| જય માતાજી ||
P
પ્રતાપસિંહ
પેંડાવાળા
(બાપુ પેંડાવાળા)
કચ્છી પેંડા અને કચ્છી ગુલાબપાકના સ્પેશ્યાલીસ્ટ
શિયાળાની સિઝનમાં કચ્છી અડદીયા, ગુંદરપાક, અંજીરપાક મળશે.
શુદ્ધ દેશી ઘીની મિઠાઈ, દુધની મિઠાઈ, કાજુકતરી-ડ્રાયફ્રુટની મિઠાઈ
નમકીન્સ તથા ચેવડા
સુકીર્તિ ટાવર, શ્રેય સોસાયટીની બાજુમાં, આગમન એવન્યુની સામે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ, અમદાવાદ. મો. ૯૮૨૫૭ ૧૯૬૭૮, ૯૪૦૯૦ ૪૦૬૭૬

FOOD'S REGENT
મણિનગરના અસલી
કર્ણાવતી
દાબેલી મસાલો
Net Weight 250g
૧, રાધામંદિર કોમ્પલેક્ષ, હીરાભાઈ ટાવર સામે, ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન : (ઓ) ૨૫૪૭ ૦૦૮૬, (રહે) ૩૦૪૨૫૪૦૧, મો. ૯૪૨૬૦ ૬૦૨૭૭

ROOPALEE CHASMAGHAR
all branded white contact lenses and colour contact lenses
Alcon
CIBA VISION
AIR OPTIX
FRESHLOOK
BAUSCH + LOMB
See better. Live better.
Shop No.2, Hirak Centre, Opp Sardar Patel Statue,
Nehru Park, Vastrapur, Ahmedabad.
26765000, 9879750000





|| જય જલારામ ||
With Best Compliments from ....
મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન, કર્ણાવતી દાબેલીથી જ શોભે...
મીક્ષફ્રુટ દાબેલી
વડાપાઉં
નકલી નામથી સાવધાન
કર્ણાવતી
દાબેલી સેન્ટર
(મણીનગર-ઉત્તમનગરના પ્રખ્યાત)
૧, રાધામંદિર કોમ્પલેક્ષ, હીરાભાઈ ટાવર સામે,
ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન : (ઓ) ૨૫૪૭ ૦૦૮૬, (રહે) ૩૦૪૨૫૪૦૧
મો. ૯૪૨૬૦ ૬૦૨૭૭

# કચ્છડો કામણગારો

## મોગલ સમયમાં મુન્દ્રા








બાંધણી અને બ્લોક પ્રિન્ટીંગ માટે ખ્યાતી ધરાવતું મુન્દ્રા માછીમારોમાં દરિયાપીર તરીકે ઓળખાતા બુખારાના સૈયદ શાહ મુરાદ બુખારીના શહેર તરીકે પણ જાણીતું છે. શેઠ વર્ધમાન શાહ નામના સોદાગરના ડૂબતા વહાણ જેમની પ્રાર્થનાથી બચી ગયેલ તેમના નામપરથી આ બંદર જે ડુમરા કહેવાતું તેનું નામબદલીને મુનહરા રાખવામાં આવેલ જે વખત જતાં મુન્દ્રા થઈ ગયું. તેઓ ૧૬૬૨માં બુખારાથી દિલ્હી થઈને અહી આવેલ ત્યારે મોગલ બાદશાહ ઔરંગઝેબનું રાજ હતું. સ્થાનિક લોકોએ તેમને આવકાર્યા અને તેમણે તેમને ઈસ્લામધર્મ તરફ વાળ્યા. તેમની યાદમાં બાંધવામાં આવેલ મકબરો આજે અનેક વિધર્મીઓને પણ આકર્ષે છે. મુગલ બાદશાહે તેમની યાદમાં બનાવેલ દરવાજો આજે પણ મુગલગેટ તરીકે ઓળખાય છે. જેની ભદ્રાવતી નગરી જે અહીંથી ત્રીસેક કિમી.એ અંતરે આવેલ તેના ખંડરોના પત્થરો લાવીને બનાવાયેલ મુન્દ્રાનો કિલ્લો તેની મજબુતાઈ માટે જાણીતો છે. અહીંથી ચારેક કિમી. દૂર આવેલ ધ્રબ નામે ગામાં તેમના ચમત્કારથી તાત્કાલિક ઉગેલ (હળદરના છોડ) તેમજ તેમના દાતણની ચીરમાંથી તેની બાજુમાં ઉગેલું બીજું વૃક્ષ સાથે સાડાચારસો વર્ષ પછી પણ હયાત હોવાનું કહેવાય છે.

(સૌજન્ય : હરીશ રંગવાલા rangwala.harish@gmail.com)
(સંકલન : તુલસી કંસારા tulsi_66@yahoo.in)

# કચ્છડો કામણગારો

## મુન્દ્રાની એકવીસમી સદી





હાલનું મુન્દ્રા પોર્ટ ભારતનું મોટામાં મોટું ખાનગી બંદર છે. તે ઉપરાંત તે સ્પેશીયલ આર્થિક ઝોનનો દરજ્જો પણ ધરાવે છે. ૧૯૯૮માં સ્થપાયેલ ગુજરાત અદાણી પોર્ટ લિમીટેડ ૨૦૦૧માં કામકાજ શરૂ કર્યું. અને મુન્દ્રા સ્પેશીયલ ઈકોનોમીક ઝોન ૨૦૦૩માં સ્થપાયું જેનો આ કંપનીમાં ૨૦૦૬માં સમાવેશ થઈ ગયો અને તેને નવું નામઆપવામાં આવ્યું. મુન્દ્રા પોર્ટ એન્ડ સ્પેશીયલ ઈકોનોમીક ઝોન લિમીટેડ. તે ભારતનું પ્રથમબંદર સ્થિત વિવિધ ઉત્પાદનો ધરાવતું સ્પેશીયલ ઈકોનોમીક ઝોન છે.

અહીં સ્થિત વિવિધ કાર્યો માટેના ટર્મિનલોમાં નવ બર્થ છે જેની લંબાઈ ૧.૮ હજાર મીટર થાય છે જ્યારે તેની બાજુની ઊંડાઈ ૯ થી ૧૬.૫ મીટર સુધી મળે છે. અહીં ૨૧ બાંધેલા ગોડાઉનો છે. જેમાં ૧૩૭ હજાર ચો.મી.ની જગ્યમાં ઘઉં, ખાંડ, ચોખાી, ફર્ટીલાઈઝર વિગેરેનો સંગ્રહ થઈ શકે છે. જ્યારે ૮૮૦ હજાર ચો.મી. ખુલી જગ્યામાં સ્ટીલના પતરા, કોઈલ, પ્લેટ, ક્લિન્કર, સ્ક્રેપ, મીઠું, કોલ, બેન્ટોનાઈટ વિગેરે રાખવામાં આવે છે. અહીં મુન્દ્રા-આદિપુર રેલ્વે લાઈન છે અને તેની બાજુમાં પણ ૨૬ હજાર ચોમી. ખુલ્લી જગ્યા સ્ટોરેજ માટે છે. અહીં ટાટાએ થર્મલ પાવર હાઉસ ઊભું કરેલ છે. અને હજુ બીજા બે પાવર પ્લાન્ટ ઊભા થઈ રહેલ છે જેથી તેની પાવર ઉત્પન્ન કરવાની ક્ષમતા ૮૬૦૦ મેઘાવોટ થશે. મુન્દ્રા પોર્ટનો વિકાસ હજુ ચાલુ જ છે. અત્યારના ટર્મીનલની પશ્ચિમે લગભગ ૧૦ નોટીકલ માઈલ દૂર નવું ટર્મિનલ બંધાઈ રહેલ છે જે વધારાની ત્રણ બર્થ માટે જગ્યા પૂરી પાડશે. નવીનાળના ટાપુ તરફ પણ ડ્રેજીંગ અને રેકલેમેશન તેમજ બેઝીન કન્ટેનર ટર્મીનલ બંધાઈ રહેલ છે.



(સૌજન્ય : હરીશ રંગવાલા rangwala.harish@gmail.com)
(સંકલન : તુલસી કંસારા tulsi_66@yahoo.in)


Wide Range of Colours
WHITE
IVORY
GREY
BLUE
RED
GREEN
Anti-capillary groove system
Bajrang
corrugated
roofing
sheets
Gadhpat Technofab Pvt. Ltd.
Mfg. of All Types colour Corrugated Roofing Sheets
Address : Plot No. 404, Road No. 10, Phase-II, Kathvada
G.I.D.C.-Odav, Ahmedabad-382430.
Ph. 079-65106666 M. 9978470000
E-mail : gadhpat.technofab@yahoo.com
Website : www.gadhpatroofing.com

# વૃદ્ધાવસ્થા એટલે પૂર્ણવિરામની ઘડી

● મહાભાઈ આર. વોરા-ભુજ ●

અમારું મકાન મહાદેવના નાકા પાસે દ્વારિકાધિશના મંદિર સામે આવેલ હતું. મકાનમાંથી હમીરસર તળાવનું આબેહુબ સૌંદર્યનું દ્રશ્ય જોવામાં આવતું. બે હજાર એકની સાલ જાન્યુઆરીની છવીસમી તારીખ શુક્રવારની સવારે ભૂકંપ થતા અમારું મકાન ધરાશાયી થઈ ગયું અને સપાટ જમીનમાં ફેરવાઈ ગયું. આજે આ મકાનની જમીન પર ઊભા રહેતા આખું હમીરસર તળાવ નજરે પડે છે. હમીરસર તળાવ છલોછલ ભરેલ હોય ત્યારે એનું સૌંદર્ય જોતાં આનંદ થાય છે.

આજે મારા ઘડપણના દિવસોમાં મહાદેવના નાકે આવેલ મંદિરોમાં દેવદર્શન કરવા જાઉં છું ત્યારે હું મહાદેવના નાકા બહાર રાજાશાહી વખતમાં 'નઝર બાગ' હતો. આજે આ 'દાદા-દાદી પાર્ક' તરીકે ઓળખાય છે. ત્યાં હું સવારે બેઠો હતો. ત્યારે પંખીઓનો કલશોર.. ફૂલોની સુગંધ ... મંદ મંદ વાતા પવનની લહેરમાં મારી ઘડપણની અવસ્થા અને પાનખર ઋતુની યાદ આવી ગઈ. અને તેની ભક્તિ ગીતની રચના અહીં જ લખાઈ ગઈ.

ઉપનિષદમાં ઋષિએ વ્યક્તિને મહાન સંદેશો આપ્યો છે કે હે જીવ ! ભગવાનનું સ્મરણ કરીને તું પોતાના હવે પછીના કરવા યોગ્ય કાર્યોનું સ્મરણ કર. પોતાના અત્યાર સુધીના કર્મોનું સ્મરણ કરવાથી સમજાશે કે અત્યાર સુધી જીવનમાં શું પામ્યો... જીવનમાં કઈ કઈ વૃતિએ તને અથડાવ્યો.. ભરમાવ્યો... અને ભમાવ્યો... સંસારના વ્યવહારમાં કેટલો ગળાડૂબ રહ્યો... અને પરિણામે જીવનમાં કઈ અવસ્થા... પોતાની કઈ કઈ વૃતિઓના કારણએ કેવા કેવા કર્મો થયા..

ક્રોધાગ્નિને કારણે કેટલાકને હાની પહોંચાડી. કામવૃત્તિના કારણે કેટલો આશક્ત થયો. માનવી જુદા જુદા સમયે અને તબક્કે જીવનમાં સારા નરસાંનો વિચાર કરતો હોય છે. કેટલીક વાર ભૂલી પણ જાય છે. આથી મને ઘડપણનો વિચાર આવ્યો. વૃદ્ધાવસ્થાએ સત્તાનું સુખ છોડી દેવું.. કૌટુંબિક વાતાવરણની માથાકુટથી અળગા રહેવું.. કામ પૂરતું જ બોલવું કે ઓછું બોલવું પ્રશંસાત્મક શબ્દ બોલવા... બીન જરૂરી રોકટોક ન કરવી.. ફક્ત પ્રભુના નામ સ્મરણમાં જ સમયને પસાર કરવો.

વૃદ્ધાવસ્થામાં મંદવાડ ભોગવવો પડે ત્યારે મૃત્યુને પોતાની સમક્ષ ચિંતન કરવાથી ખ્યાલ આવશે કે આ જીવન ક્ષણ ભંગુર છે. ઈન્દ્રીયોના લાલન પોષણ માટે આ બધું કર્યું. એ ઈન્દ્રીયો સમય જતાં પૂર્ણ થવાની છે.. પાનખરની જેમ ખરી પડવાની છે.. અગ્નિમાં ભસ્મ થઈ જવાની છે. જે વસ્તુઓ મેળવવા માટે રાતદિવસ તનતોડ મહેનત કરી છે. તે મૃત્યુ પછી અહીં જ છોડી જવાની છે. જેને સ્થાયી માનવામાં આવે છે તે અસ્થાયી છે. શાશ્વત માનવામાં આવે છે તે અશાશ્વત છે. આની સમજણ થતાં પશ્ચાતાપ થાય છે. ભીતર જાગે છે... અંતઃકરણ શુદ્ધ થતા મૃત્યુને કેન્દ્રમાં રાખી જીવનને વિચારવાનું ...

હૃદયને શાંત અને સ્વસ્થ રાખવા માટે ઈશ્વરના ભક્તિ જેવો બીજો કોઈ જ ઉપાય નથી. ધરતી પર જન્મ લેનાર ધરતીની ભીની માટીમાં સમાઈ જાય છે. એનું સ્મરણ કરતા જીંદગીની પૂર્ણ વિરામની ઘડી આવી ગઈ છે. મારા કાવ્ય ગીતની રચના રજુ કરું છું. જેથી સમજાશે કે જીવનના સમયનો સદુપયોગ પ્રભુના ગુણગાન ગાતા કરવો.

શુકદેવજી કહે છે. 'ભય માત્રને ભાંગે તે ભગવાન' જેના સ્મરણ માત્રથી ભવભવના ફેરા ટળે. માટે ભગવાનનું શરણ સ્વીકારવું. સંસારના સમસ્ત માનવીને સાતમાંથી એકને એક દિવસ મરવાનું જ છે. કાળરૂપ તક્ષક દંશ દેવાનો તો છે જ...

જેનું મૃત્યુ નજીક હોય. પરમ પદ પ્રાપ્તિની ઈચ્છા હોય તેમણે વિશુદ્ધ હૃદયે હરિનામ સંકીર્તન કરવું. મૃત્યુને સમય હોય છતાં હરિનામ સંકીર્તન કરતા જ રહેવું. તેનાથી પરમ શાંતિ મળે છે. માટે વિરાટ પ્રભુમાં મને જોડી દેવું જોઈએ. ૐ શાંતિ... મારી કાવ્ય રચનાનો આ ભાવાર્થ છે.

---

**WhatsApp**

**● ગમતાનો કરીએ ગુલાલ...**

આજે દુનિયામાં એવું ચાલે છે કે, સગાં છે, તે વ્હાલા નથી. વ્હાલા છે, તે સગાં નથી. જીવનમાં ગમતું ન મળે તો મળ્યું છે તેને જ ગમતું કરવામાં ડહાપણ છે.

❖ ❖ ❖

● ગુસ્સાની એક ક્ષણ ઉપર જો તમે નિયંત્રણ રાખી શકો, તો 'પસ્તાવા'ના 'સો' દિવસ બચાવી શકો.

# સંસ્થા સમાચાર

## અમદાવાદ ખાતે કચ્છીઓએ ઉજવ્યો ૬૫મો પ્રજાસત્તાક દિવસ



દર વર્ષની માફક આ વર્ષે પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં ૬૫મા ગણતંત્ર દિનની ઉજવણી રવિવાર તા. ૨૬-૧-૨૦૧૪ના રોજ કરેલ હતી.

આ વર્ષે શ્રી કચ્છી સમાજ-અમદાવાદના અગ્રણી તથા શ્રી કચ્છી લોહાણા સમાજ-અમદાવાદના પ્રમુખશ્રી જગદીશભાઈ ઠક્કરના વરદ્ હસ્તે સવારમાં બરાબર ૯-૦૦ કલાકે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. રાષ્ટ્રીય ધ્વજ ત્રિરંગાએ સલામી સાથે ઉપસ્થિત અંદાજિત ૧૫૦ જેટલા પરિવારજનોએ ખૂબ જ સુરમય અને લયપૂર્વક રાષ્ટ્રગીત ગાયેલ હતું. અતિથિ વિશેષ શ્રી જગદીશભાઈ ઠક્કરે આ આનંદના અવસરે રાષ્ટ્રીય ભાવનાને સચેત કરતા 'ભારત માતાકી જય' નો લાગણીસભર નાદ ઉચ્ચારેલ હતો.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના પ્રમુખશ્રી અશોક મહેતાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ હતું કે છેક ૧૯૯૭થી એટલે કે જ્યારથી શ્રી કચ્છી જૈન ભવનની સ્થાપના કરવામાં આવેલ છે ત્યારથી આ સમાજ દર વર્ષે બંને રાષ્ટ્રીય તહેવાર ૧૫મી ઓગષ્ટનો સ્વાતંત્ર્ય દિન અને ૨૬મી જાન્યુઆરીનો પ્રજાસત્તાક દિન - દબદબાપૂર્વક ધ્વજનંદન કરીને ઉત્સાહભેર ઉજવે છે. દરેક સમયે વિવિધ કચ્છી ઘટક સમાજના મહાનુભાવો અથવા અન્ય અગ્રણી દ્વારા ધ્વજવંદન કરવામાં આવે છે. આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના તથા અન્ય કચ્છી ઘટક સમાજના લગભગ ૧૫૦ થી પણ વધુની સંખ્યાના લોકો ઉપસ્થિત રહેલ હતા.

## કચ્છી યલો પેજીસ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદે અમદાવાદ-ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી યલો પેજીસ - કચ્છી બીઝનેસ ડીરેક્ટરીનું ભગીરથ કાર્ય હાથ પર લીધેલ છે અને હવે તેની છેલ્લા તબક્કાની કાર્યવાહી ચાલે છે. વિવિધ કચ્છી પેઢીઓની લગભગ ૨૫૦૦ જેટલી એન્ટ્રી આવી ગયેલ છે. વિવિધ મહાનુભાવોએ તેમાં પોતાના વ્યવસાયની જાહેરાત આપી તેને સારો એવો સહકાર આપેલ છે. આ ડીરેક્ટરીમાં વિવિધ વ્યવસાયકારોની વિવિધ પ્રોફેશનલની અને સરકારી કે કોર્પોરેટ ક્ષેત્રના વિવિધ કચ્છી મહાનુભાવોની વિગતો જોવા મળશે. આ ડીરેક્ટરીના વિમોચનની ફાઈનલ **તા. ૨૦-૪-૨૦૧૪, રવિવાર** નક્કી કરવામાં આવેલ છે. એ પ્રસંગે દરેક કચ્છી વ્યવસાયકારને ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવે છે. વિમોચનના સ્થળની માહિતી હવે પછી આપવામાં આવશે.

## ડાયાલીસીસ સેન્ટર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ હવે તેની સેવાક્ષેત્રની એક વધુ પાંખ વિકસાવવા માંગે છે. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ ખાતે તે એક નવીન અને અદ્યતન ડાયાલીસીસ સેન્ટરની સ્થાપના કરવાની ઈચ્છા ધરાવે છે. લગભગ ૮ ડાયાલીસીસ મશીન સાથેનું આ ડાયાલીસીસ સેન્ટર હશે કે જ્યાં દરરોજના ૧૬ ડાયાલીસીસ થઈ શકશે. તેના ઉદ્‌ઘાટન માટે રવિવાર તા. ૨૦-૪-૨૦૧૪ના દિવસે હાલે નક્કી કરવામાં આવેલ છે. અમદાવાદમાં અનેક ડાયાલીસીસ સેન્ટર હાલે કાર્યરત છે. પરંતુ તે દરેક જગ્યાએ વેઈટીંગ લીસ્ટ સારા એવા પ્રમાણમાં રહેવા પામે છે. પરિણામે આ પ્રકારના અનેક ડાયાલીસીસ સેન્ટરની જરૂરિયાત અમદાવાદને રહેવા પામેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદને આ

ડાયાલીસીસ સેન્ટરની સ્થાપના કરવામાં લગભગ રૂ. એક કરોડ જેવો ખર્ચ થવા જશે કે જે વિવિધ ડોનેશન્સ દ્વારા એકત્રિત કરવાની ધારણા છે. કદાચ એક ડાયાલીસીસનો ચાર્જ રૂ. ૧૦૦૦/- ની આસપાસ રહેવાની સંભાવના છે.

## શ્રી કચ્છી જૈન ભવન પરનું મેડિકલ સેન્ટર - દવા વિતરણ કેન્દ્રની સગવડતાનો લાભ લેવા અપીલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના શ્રી કચ્છી જૈન ભવન-પાલડી ખાતે એક મેડિકલ સેન્ટર અનેક વર્ષોથી કાર્યરત છે કે જ્યાં દરરોજની અંદાજિત ૪૦૦ દર્દીઓની ઓપીડી રહેવા પામેલ છે. અહીંના કન્સલ્ટીંગના તથા પરિક્ષણના ચાર્જીસ કોઈપણ સામાન્ય પરિવારને પણ પરવડે તેવા રાખવામાં આવેલ છે તેમ છતાં તેની ગુણવત્તા ઉત્તમ કક્ષાની રહેવા પામેલ છે. કોઈપણ કચ્છી સમાજના સભ્યને ઉપરોક્ત ચાર્જીસમાં પણ ૨૫ ટકા કન્સેશન આપવામાં આવે છે કે જેના કારણે અનેક કચ્છી ઘટક સમાજો આ મેડિકલ સેન્ટર સાથે સંકળાયેલ રહેવા પામેલ છે અને જે તે ઘટક સમાજના સભ્યો પણ તેનો લાભ મેળવે છે.

આ મેડિકલ સેન્ટરમાં ૧, જાન્યુઆરી-૨૦૧૪થી એક નવીન સેવાનો ઉમેરો થયેલ છે. અહીંના સ્ટોર્સ પરથી દવા ખરીદનાર જરૂરિયાતવાળા દર્દીઓને દવાના ભાવમાં ૫૦ ટકા રાહત આપવાનું નક્કી કરવામાં આવેલ છે અને ગત જાન્યુઆરી-૨૦૧૪ દરમ્યાન અનેક દર્દી પરિવારોએ તેનો લાભ મેળવેલ હતો.

કોઈપણ કચ્છી ઘટક સમાજના સભ્ય પરિવારોને આ મેડિકલ સેન્ટરની સેવાનો લાભ લેવા અને તેના સ્વરૂપે અહીંથી દવાના વિતરણ કેન્દ્રનો પણ લાભ લેવા અપીલ કરવામાં આવે છે. આજના મોંઘવારીના જમાનામાં આ મેડિકલ કેન્દ્ર અનેક પરિવારોને આશિર્વાદ સમાન થઈ શકેલ છે.

## શ્રી સમસ્ત કડવા પાટીદાર સમાજ - ગાંધીનગરના ઉમાભવનનું થયેલ ઉદ્‌ઘાટન

શ્રી સમસ્ત કડવા પાટીદાર સમાજ દ્વારા ગાંધીનગરમાં જુદા જુદા પાટીદાર સમાજના ભાઈ-બહેનોની એકતા અને સંગઠન થકી સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પ્રગતિ માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં છ હજારથી વધુ જુદા જુદા સમાજના ગોળના પરિવારો સ્થાયી થયા છે. જેમાં સ્થાનિક કચ્છી કડવા પાટીદાર શહેર સમાજનો સમાવેશ થાય છે. સમાજના ઉપક્રમે સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિને વેગ આપવા સેક્ટર-૧૨ ખાતે મા ઉમિયા માતાજીના ભવ્ય મંદિર અસ્તિત્વ ધરાવે છે. તે સાથે સમાજ ભવન (ઉમા ભવન)નું નિર્માણ કરવામાં આવેલ. આ ઉમા મંદિરનું શુભ ઉદ્‌ઘાટન પરમપૂજ્ય સંતો, મહંતો,મહાનુભાવો અને દાતાશ્રીઓની ઉપસ્થિતિમાં તા. ૧૩-૧૨-૨૦૧૩ ના રોજ સંપન્ન કરવામાં આવ્યું. આ પ્રસંગે સંતો, મહંતોએ આશિર્વચન આપેલ તેમજ લગભગ ૨૨૦ જેટલા આજીવન ટ્રસ્ટીઓનું તથા દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવેલ. આ ઉમા ભવનના નિર્માણ માટે કચ્છ કડવા પાટીદાર ભાઈઓ તરફથી દાન અર્પણ કરવામાં આવેલ હતું.

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા યોજવામાં આવેલ ૨૦માં કચ્છી કલા પ્રદર્શનને રૂપિયા તેત્રીસ લાખનાં વેચાણ સાથે મળેલ અભુતપૂર્વ સફળતા.

ભાવનગર કચ્છ સમાજ દ્વારા ભાવનગરના આંગણે કચ્છના ભાવે કચ્છી હસ્તકલા ભાવનગર ખાતે મળી રહે તેમજ કચ્છના કારીગરોને સૌરાષ્ટ્રનું મોટામાં મોટું બજાર મળે તેવા હેતુ સાથે કચ્છી કલા પ્રદર્શન ઘણા વર્ષોથી યોજવામાં આવે છે તે મુજબ સંસ્થાનું ૨૦મું કચ્છી કલા પ્રદર્શન તા. ૨૭-૧૨-૨૦૧૩ થી ૨૯-૧૨-૨૦૧૩ દરમ્યાન સમાજના એન્કરવાલા સંકુલમાં આવેલ કચ્છી ભવનના શ્રી જગશી જેઠાભાઈ છેડા હોલ સહિતના સમગ્ર પરિસરમાં ભાવનગર ખાતે યોજવામાં આવેલ હતું. આ પ્રદર્શનનું તા. ૨૭-૧૨-૨૦૧૩ના રોજ ૩-૩૦ કલાકે ભાવનગર જિલ્લા સમાહર્તા શ્રી પી. કે. સોલંકી સાહેબના શુભ હસ્તે દિપ પ્રાગટ્યથી ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું. આ શુભ અવસરે મુંબઈની જાણીતી સામાજિક સંસ્થા પરબ શક્તિ સંજીવની સોસાયટીના ટ્રસ્ટી તેમજ સામાજીક કાર્યકર બહેનશ્રી કાશ્મીરાબેન વી. લુઠીયા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, તેમજ શ્રી શામજીભાઈ પટેલ (તંત્રીશ્રી પાટીદાર સંદેશ - અમદાવાદ) ખાસ ઉપસ્થિત રહેલ અને સમાજ પરિવારને પ્રોત્સાહન પુરુ પાડેલ હતું તેમજ શ્રી કુલીનભાઈ સી. લુઠીયા (માનવ જ્યોત સંસ્થા - મુંબઈ) ભાવનગર ખાતે પધારતા મુલાકાતે પધારેલ અને સમાજને પ્રોત્સાહીત કરેલ, કલેક્ટર સાહેબે પ્રદર્શન ખુલ્લુ મુક્યા બાદ બહેનશ્રી કાશ્મીરાબેને પોતાના વક્તવ્ય વડે ભાવનગર કચ્છ સમાજના પરિવારજનોને અંતઃકરણપૂર્વક બિરદાવ્યા હતા અને અભિનંદન આપતા

જણાવેલ કે કદાચ સમસ્ત વિશ્વમાં આ એક જ કચ્છી સમાજ આવી પ્રવૃત્તિ કરતો જણાય છે અને આ સમાજની બહેનોને પણ તેમણે ખૂબ જ પ્રોત્સાહીત કર્યા હતા.

અઢી દિવસ ચાલેલા આ પ્રદર્શનને ભાવનગરની પ્રજામાં અનેરૂ આકર્ષણ જમાવેલ હતું અને લોકોએ કચ્છની બેનમુન ચીજવસ્તુઓ કચ્છના જ ભાવથી ઘર આંગણે પ્રાપ્ત થતા ઉત્સાહપૂર્વક ખરીદી કરી હતી. જેમાં કચ્છના વસ્ત્રો, શાલ, બેડશીટ, ડ્રેસ મટીરીયલ્સ બાળકોના વસ્ત્રો, આભુષણો ચપ્પુ, છરી, કાતર, લુંગી તેમજ મડવર્કની હસ્તકલા કૃતિઓ જે ભાવનગરમાં પ્રથમવાર રજુ થઈ હતી વગેરે આઈટમે આકર્ષણ જમાવ્યું હતું. કચ્છની ચટપટ્ટી સ્વાદિષ્ટ વાનગીઓ જેમાં કચ્છી દાબેલી, કચ્છની પેંડા, પકવાન, ગુલાબપાક વગેરેની લોકોએ મનભરી ખરીદી કરી હતી. આ વખતના પ્રદર્શને વેચાણના તમામ જુના આંકડાઓ પાછળ રાખી દીધા હતા અને માત્ર અઢી દિવસમાં ૩૨,૬૦,૦૦૦/- ની તોતીંગ રકમનું આ પ્રદર્શનમાં વેચાણ થયું હતું જે ભાવનગર કચ્છ સમાજ માટે એક અદ્‌ભુત સફળતા બની ગયેલ છે. આ પ્રદર્શનમાં ખાવડાથી આવેલ કારીગરો દ્વારા દાબેલીના લાઈવ સ્ટોલમાં અઢી દિવસમાં ૧૧,૦૦૦ દાબેલીનું રેકોર્ડ બ્રેક વેચાણ થયેલ હતું.

આ પ્રદર્શનમાં ભાવનગર કચ્છ સમાજમાં પરિવારજનો પૈકી ૨૦૦ સ્વયંસેવકોએ ત્રણ દિવસ માટે માનદ્ સેવા આપી હતી. જેમાં ભાવનગર શહેરના પરિવાર ઉપરાંત શિહોર, સણોસરા, પાલીતાણા, આંબલા, આદીપુર (કચ્છ), ગાંધીનગરના પણ સ્વયંસેવક સેવા આપવા આવ્યા હતા. પ્રદર્શન માટે અગાઉ ભાવનગર રહી ચુકેલા શ્રી સત્યેન્દ્રભાઈ માણેકજી દંડ ખાસ મુંબઈથી આવ્યા હતા તેમજ કાંતિલાલ ટોકરશી સોની (સાયરા કચ્છ) આ વર્ષે પ્રદર્શનની ખ્યાતી સાંભળીને નિહાળવા તેમજ સેવા આપવા આવેલ હતા આમ સમાજની નાનામાં નાની વ્યક્તિથી સિતેર વર્ષના વડીલોએ પોતાની અમુલ્ય સેવા સમાજ માટે આપેલ હતી આ ત્રણે દિવસ દરમ્યાન પરિવાર સદસ્યોએ એકતા અને ભાઈચારાનું ઉમદા ઉદાહરણ પુરુ પાડેલ હતું તમામ પરિવારજનોએ ત્રણ દિવસ માટે નિઃશુલ્ક સેવા પુરી પાડી હતી. તમામ સદસ્યો માટે દરરોજ ચા-નાસ્તો તથા જમવાની વ્યવસ્થા સમાજ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર પ્રદર્શન દરમ્યાન નાસ્તા તથા જમણવારનો ખર્ચ રૂપિયા સિત્તેર હજાર જેવો થયેલ જેનો આર્થિક બોજો સમાજ પર ન પડે તે માટે પરિવારના ઘણા બધા લોકોએ એ માટેના દાતા બની સમાજને ખર્ચમાંથી મુક્ત કરેલ.

આ પ્રદર્શન દરમ્યાન સમાજના આમંત્રણને માન આપી ભાવનગર શહેર તથા બહારગામથી આમંત્રિત મહાનુભાવોએ પ્રદર્શન મુલાકાત લીધી હતી. ઉદ્‌ઘાટન સમયે શહેરના મેયરશ્રી બાબુભાઈ સોલંકી, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન શ્રી હિમાંશુભાઈ દેસાઈ, ડેપ્યુટી મેયરશ્રી ગોવિંદભાઈ કુકરેજા તથા કોર્પોરેટોશ્રી તેમજ શિહોર નગરપાલિકા પ્રમુખ બહેનશ્રી ચેતનાબેન, ભાવનગર ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝના પદાધિકારીશ્રીઓ, બેંકના મેનેજરશ્રીઓ, ડોક્ટરોશ્રી, કાનાણી સાહેબ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ત્રણ દિવસ દરમ્યાન શ્રી ત્રિવેદી સાહેબ (અધિક કલેક્ટરશ્રી) તથા મહુવાના ડેપ્યુટી કલેકટરશ્રી અંતાણી સાહેબ, કચ્છ કડવા પાટીદાર સમાજ (રાજકોટ), શ્રી વસ્તારામભાઈ પટેલ (મોરબી), રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીવાળા સાહેબ (શિહોર), મહાનગર પાલિકાના વિરોધપક્ષના નેતા શ્રી કલ્પેશભાઈ પટેલ શહેરના નામાંકિત ડોક્ટરો, એડવોકેટશ્રીઓ તેમજ સમાજના અગ્રણીઓ તથા અનેક મહાનુભાવોએ કચ્છ સમાજને અભિનંદન પાઠવતાં પ્રદર્શનની મુલાકાત લીધી હતી અને પ્રોત્સાહન પુરૂ પાડેલ હતું.


## શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ, ગાંધીનગરના ઉપક્રમે યોજવામાં આવેલ રમતગમત સ્પર્ધા

શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ, ગાંધીનગરના ઉપક્રમે તા. ૨૨-૧૨-૨૦૧૩ના રોજ બલરામ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે સવારે ૮-૩૦ કલાકથી રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું.

આ રમતગમત સ્પર્ધામાં ૧૦૦ મીટ દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક, કોથળા દોડ, લીંબુ ચમચી, સંગીત ખુરશી, બહેનો માટે રાયફલ શુટીંગ, મટકા ફોડ તેમજ વન મિનિટ ગેમમાં ભાઈઓ માટે આંખો બંધ કરી બોક્ષમાં બટન નાખવા, બંગલી અને સેપ્ટીપીનની ચેઈન બનાવવી, પૈસાના સિક્કા છુટા પાડવા, એક મિનિટ પગના તળીયે દડો રાખી દોડવું તેમજ બહેનો માટે બે રૂપિયાના સિક્કાની છાપ ઉપસાવવી, બંગડી અને સેપ્ટીપીનની ચેઈન બનાવવી, પૈસાના સિક્કા છુટા પાડવા, એક મિનિટ મોતી પરોવવા જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જુદી જુદી સ્પર્ધામાં કુલ ૨૨૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગને દાતા તરીકે શ્રી નવનીતભાઈ ભાવાણી સમાજને ઉપલબ્ધ થયા હતા. આ રમતગમત સ્પર્ધાના વિજેતાઓને દાતાશ્રીઓના હસ્તે સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવેલ. આ રમતગમત સ્પર્ધાનું સફળ આયોજન રમતગમત મંત્રીશ્રી કિર્તીભાઈ લીંબાણી તથા સહ રમતગમત મંત્રીશ્રી હરેશભાઈ સેંઘાણીએ કર્યું હતુ.

# એવમ્ અમદાવાદ

## શ્રદ્ધાંજલી



### પ્રખર ગાંધીવાદી શ્રી ઉમરશીભાઈ કુરૂવાની ચિરવિદાય

પ્રખર ગાંધીવાદી, ઉચ્ચ સરકારી અધિકારી, સમાજ સુધારક અને કચ્છી અગ્રણીશ્રી ઉમરશીભાઈ કુરૂવાનું ૯૧ વર્ષની જૈફ વયે ૨૦, જાન્યુઆરીના રોજ ટૂંકી માંદગી બાદ અમદાવાદ ખાતે અવસાન થયેલ છે.

મૂળ કચ્છ-ગોધરા ગામના વતની શ્રી ઉમરશીભાઈનો જન્મ ૪, નવેમ્બર ૧૯૨૨ના મહારાષ્ટ્રના ધરમગાંવ ખાતે થયો હતો. ૧૯૫૧માં તેઓ 'સી' સ્ટેટ કચ્છના જીલ્લા પછાત વર્ગ અધિકારી તરીકે નોકરીમાં જોડાયા. બઢતી પામતા તેઓ થોડો સમય ગુજરાત રાજ્યના સમાજ કલ્યાણ વિભાગના ઈન્ચાર્જ નિયામક રહ્યા હતા. પાછળથી પછાત વર્ગ વિકાસ નિગમની રચના થતા તેના સચિવપદે નિમાયા અને ત્યાંથી ૧૯૮૦માં નિવૃત્ત થયેલા. પછાત વર્ગનો ઉત્કર્ષ થાય, કેળવણીનો તેમનામાં ફેલાવો થાય અને તેઓ ગૌરવભેર જીવી શકે એ માટે તેઓ સતત ઝઝુમ્યા.

૧૯૮૦માં નિવૃત્તિ બાદ જૈનોની વિખ્યાત આણંદજી-કલ્યાણજી પેઢીમાં જોડાયા આમંત્રણ મળતા સતત વીસ વર્ષ સુધી મેનેજર પદે સેવા આપી હતી. પાછલી ઉંમરમાં પણ અમદાવાદ કચ્છી જૈન સમાજની વયસ્ક સમિતિના કાર્યક્રમોમાં અન્યને પણ જીવનમાં રંગ માણવા પ્રોત્સાહિત કરતા હતા.

શ્રી ઉમરશીભાઈના લગ્ન ગાંધીવાદી કુટુંબના પ્રમિલાબેન મહેશ્વરી સાથે થયા હતા. પૂ. મહાત્મા ગાંધીએ જાતે નવદંપતિને આશીર્વાદ આપ્યા હતા. શ્રીમતી પ્રમિલાબેન કુરૂવાએ પણ તેમના જીવન દરમિયાન મહિલા ઉત્કર્ષ, 'મંગલ મંદિર' સંચાલન તેમજ કચ્છી સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય યોગદાન આપેલ. તેમના પુત્રી ચૌલાબેન કુરૂવાએ ભૂતકાળમાં કચ્છશ્રુતિના તંત્રીપદે સેવા આપેલ.

શ્રી ઉમરશીભાઈના દુઃખદ અવસાનથી સમસ્ત કચ્છી સમાજ સહિત તેમના કુટુંબીજનો, હિતેચ્છુઓને ન પુરાય એવી ખોટ પડી છે. પ્રભુ સ્વ. આત્માને પરમ સુખ અને ચિર શાંતિ બક્ષે એવી પ્રભુ પ્રાર્થના.

**— પૃથ્વી શાહ-ગાંધીનગર**

## દુઃખદ નિધન

સમસ્ત કચ્છ કડવા પાટીદાર ફાઉન્ડેશનના પ્રમુખશ્રી દામુભાઈ પટેલ (નરોડા)નું ટૂંકી માંદગી બાદ તા. ૯-૨-૨૦૧૪, રવિવારના રોજ દુઃખદ અવસાનના સમાચારથી સમગ્ર કચ્છી સમાજમાં શોક અને ગ્લાની વ્યાપેલ છે.

સ્વ. દામુભાઈ કચ્છ કડવા પાટીદાર નરોડા સમાજના ૩૦ વર્ષ સુધી પ્રમુખ પદે રહેલ હતા. આ ઉપરાંત નરોડાની જાણીતી બેંક યુનિયન કો.ઓપરેટીવ બેંકમાં પણ તેઓશ્રી મેનેજીંગ ટ્રસ્ટી હતા. વ્યવસાયે તેઓશ્રી પાટીદારોના પરંપરાગત લાકડા તેમજ પ્લાયવુડના ધંધા સાથે જોડાયેલા હતા. શરૂઆતથી જ એજ્યુકેશન ક્ષેત્રે વધારે રસ હોવાથી એમણે નરોડા ખાતે આધારશીલા એજ્યુકેશન ટ્રસ્ટ નામથી શૈક્ષણિક સંકુલની સ્થાપના કરી હતી. જેમના તેઓશ્રી પ્રારંભથી જ ચેરમેન હતા. જેની આજે પણ ખૂબ નામના છે.

વિદ્યાર્થીઓના હોસ્ટેલ પ્રશ્ને પણ તેઓશ્રી ખૂબ જ જાગૃત હતા અને એમના જ પરિવારના અનુદાનથી સમસ્ત કચ્છ કડવા પાટીદાર ફાઉન્ડેશન દ્વારા નિર્માણાધીન 'દામુભાઈ પટેલ વિદ્યાર્થી ભવન' / હોસ્ટેલ પુર્ણતાના આરે છે. તા. ૨૬-૧-૨૦૧૪ના દિને આ સંકુલ ખાતે નવચંડી હવનનું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી દામુભાઈની નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ એમણે આ પ્રસંગે હાજરી આપી હતી. શ્રી કચ્છી સમાજ-અમદાવાદના પ્રમુખશ્રી કૈલાસદાન ગઢવી, કચ્છશ્રુતિના તંત્રીશ્રી ભરત ઓઝા તેમજ સમગ્ર કચ્છી સમાજ પરિવાર વતી સ્વ. દામુભાઈના આત્માને પરમ સુખ અને ચિરશાંતિ બક્ષે એવી પ્રભુ પ્રાર્થના. ॐ શાંતિ...

# મહિલા વિશ્વ

● રેખાબેન શુક્લ-અમદાવાદ ●

## હોમ્સ ટિપ્સ - ગૃહિણીની ઘરગથ્થુ સમસ્યાઓનું સમાધાન

### શાકભાજી - વટાણા

★ વટાણા તથા ગાજર રાંધતી વખતે તેમાં અડધો ચમચો સાકર ઉમેરવાથી વાનગી સ્વાદિષ્ટ અને રૂચિદાયક બનશે.

★ વટાણાની સીઝનમાં સસ્તા મળતા હોય ત્યારે, વટાણાને ઉકળતા પાણીમાં મીઠું નાંખી વટાણાને તે પાણીમાં ૫-૭ સેકન્ડ પલાળી રાખી, કાઢ્યા પછી સ્વચ્છ કપડાં વડે લૂછી પ્લાસ્ટીકની થેલીમાં પેક કરી ફ્રિજરમાં રાખી મૂકશો તો તે એક વર્ષ સુધી બગડશે નહીં.

★ વટાણાના કુમળા છોતરાં, કોથમીર તથા મીઠું, જીરૂ વિગેરે અન્ય સામગ્રી ભેળવીને બનાવેલી ચટણી સ્વાદિષ્ટ બનશે.

★ વટાણાનો રંગ જળવાઈ રહે તે માટે તેમાં એક ચમચી વિનેગાર કે ચપટી સોડા નાખો.

### રીંગણ

★ રીંગણને મીઠાનાં પાણીમાં સમારવાથી રીંગણ કાળા નહીં પડે તેમજ તેની કડવાશ દૂર થશે.

★ રીંગણને શેકતા પહેલા તેના પર તેલ લગાડવાથી તેની છાલ સહેલાઈથી ઊતરશે.

★ રીંગણ તથા કાચા કેળા પાતળી છાશમાં રાખવાથી તે કાળા નહીં પડે.

★ રીંગણાનો ઓળો બનાવવા માટે શેકેલા રીંગણાને બે મિનિટ પાણીમાં ડૂબાડી રાખવાથી તેની છાલ સહેલાઈથી ઉતરશે.

★ રીંગણાનો ઓળો બનાવતી વખતે તેમાં એક ચમચી દહીં ઉમેરવાથી ઓળાનો સ્વાદ અને રંગ બંને સારા થશે.ો

★ રીંગણામાં ચાર કાપા કરી તેને તળવાથી રીંગણમાં મસાલો તરત ભરાશે અને ભરેલા રીંગણાનું શાક પણ જલ્દી તૈયાર થઈ જશે.

### ભીંડા

★ ભીંડાનું શાક બનાવતી વખતે તેમાં લીંબુના રસના થોડા ટીપા નાખવાથી ભીંડા ચીકણા નહીં થાય અને તે સ્વાદિષ્ટ અને કરકરા બનશે.

★ ભીંડાનું શાક બનાવતા પહેલાં સમારેલા ભીંડા પર લીંબુનો રસ લગાડવાથી ભીંડાની ચીકાશ દૂર થશે.

★ ભીંડાને ગોળ સમારવાના બદલે ઊભી ચીરીઓ કરી શાક બનાવવાથી તેની ચિકાશ દૂર થશે અને શાક પણ ક્રિસ્પી બનશે.

★ ભીંડાને લાંબા સમય સુધી તાજા રાખવા તેના પર થોડું રાઈનું તેલ લગાડો.

★ ભીંડાનું શાક બનાવતી વખતે તેમાં થોડું આમચૂર નાખવાથી ચીકાશ દૂર થશે.

### મેથી

★ મેથીનાં મુઠિયા કરકરા બનાવવા મેથીના તળેલા મુઠિયામાં ઘઉંના લોટમાં થોડો રવો ભેળવો.

★ મેથીનું શાક બનાવતી વખતે ગેસ પરથી ઊતારતા પાંચ મિનીટ પહેલા તેમાં એક ચમચી મલાઈ નાખવાથી શાકની કડવાશ દૂર થશે, શાક સ્વાદિષ્ટ બનશે.

★ મેથીની ભાજીની કડવાશ દૂર કરવા, ભાજીને ૧૦ મીનીટ મીઠીના પાણમાં પલાળી રાખો.

### પાલક

★ પાલક પનીર બનાવતી વખતે તેમાં એક ચમચી ક્રીમ નાખવાથી શાક સ્વાદિષ્ટ બનશે અને શાકનો રંગ પણ આકર્ષક બનશે

★ પાલકનો પ્રાકૃતિક લીલો રંગ જાળવવા પાલક રાંધતી વખતે તેને ઢાંકેલી રાખવી ઉપરાંત વધારે પડતી બાફવી પણ નહીં.

★ પાલક રાંધતી વખતે તપેલી કે કઢાઈ ખુલ્લી રાખો.

### ટામેટા

★ ટામેટાના સૂપ થોડો કોર્ન ફલોર ઉમેરી જીરા અને હીંગનો વઘાર કરવાથી સૂપ સ્વાદિષ્ટ બનશે.

★ ટામેટાનો સોસ બનાવતી વખતે તેમાં ખમણેલું બીટ

નાખવાથી સોસનો રંગ ઘેરો થશે.

- ★ ટામેટા નરમ પડી ગયા હોય તો તેને ફેંકવાના બદલે બરફના પાણીમાં મીઠું ભેળવી તે પાણીમાં ટામેટાને ૧૦ મીનીટ રાખવાથી ટામેટા સખત થઈ જશે.
- ★ પાકેલા ટામેટામાં વિટામીન-સી જાળવી રાખવા તેને હવાદાર જગ્યાએ રાખો.
- ★ ટામેટા વધુ પાકી ગયા હોય ત્યારે સલાડ બનાતા પહેલા તેને થોડીવાર ફ્રીજરમાં મૂકી રાખો અને પછી કાપો, ટામેટા સરળતાથી કાપી શકાશે.
- ★ લીલા ટામેટાને પાકા લાલ રંગના બનાવતા ટામેટાને કાગળમાં લપેટી તેને એક રાત સુધી અંધારી જગ્યાએ મૂકો.
- ★ ટામેટાની છાલ ઝડપથી ઉતારવા માટે ટામેટાને બે મીનીટ ગરમ પાણીમાં રાખી છાલ ઉતારો.
- ★ ટામેટાનો સોસ વધુ પડતો મીઠો ગળ્યો લાગતો હોય તો તેમાં લીંબુનો રસ ભેળવો.
- ★ ફ્રિજમાંથી ટામેટા કાઢ્યા બાદ તેને ગરમ પાણીમાં રાખી છાલ સરળતાથી ઉતરશે.
- ★ ટામેટાને જલદી બાફવા તેમાં એક ચમચી સાકર અને મીઠું નાખો.
- ★ ટામેટાને કાંદા સાથે રાંધવાથી તે ઝડપથી પાકી જશે.

## ગાજર

- ★ ગાજર-ચણાનું શાક બનાવતી વખતે એક ચમચી સાકર ઉમેરો શાક સ્વાદિષ્ટ બનશે.
- ★ ગાજરને ખમણતી વખતે તેમાંથી નીકળતા રસને શાકમાં ભેળવો, શાક પૌષ્ટિક બનશે.
- ★ ગાજરને ઝડપથી છોલવા માટે તેને પાંચ મીનીટ સુધી ગરમ પાણીમાં રાખો અને છોલતા પહેલા બે-ત્રણ મીનીટ ઠંડા પાણીમાં રાખો.

## લીંબુ

- ★ લીંબુને લાંબા સમય સુધી તાજા રાખવા, ફ્રીજમાં મૂકતા પહેલા તેના પર થોડું તેલ ચોપડો.
- ★ સરકો ભેળવેલ પાણીમાં લીંબુને રાખી ફ્રિજરમાં રાખવાથી લીંબુ લાંબો સમય તાજા રહેશે.
- ★ વાસી લીંબુનો રસ કાઢતા પહેલા તેને થોડીવાર ગરમ પાણીમાં રાખીને રસ કાઢવાથી રસ સરળતાથી નીકળશે અને રસ વધુ પ્રમાણમાં નીકળશે.
- ★ લીંબુના કાપેલા ટૂકડા લાંબા સમય સુધી તાજા જાળવી રાખવા તેનો મીઠાની જારમાં રાખો.
- ★ લીંબુને બંને હથેળીઓની વચ્ચે લઈ રગડીને રસ કાઢવાથી રસ વધુ નીકળશે.
- ★ લીંબુને થોડીવાર ઉકળતા પાણીમાં રહેવા દીધા પછી લીંબુનો ઉપયોગ કરવાથી રસ બમણો નીકળશે.
- ★ કાપેલા લીંબુને પોલીથીનની બેગમાં મૂકી ફ્રીજમાં મૂકવાથી લીંબુ સંકોચાશે નહીં.
- ★ લીંબુનાં અડધિયાને તાજુ રાખવા તેને તેના પર મીઠું લગાડી રાખો.
- ★ લીંબુને એરટાઈટ બરણીમાં રાખવાથી તે લાંબો સમય તાજા રહેશે.
- ★ લીંબુનું સરબત બનાવતી વખતે લીંબુ નીચાવો કે તરત જ તેમાં ચપટી મીઠું નાખવાથી ખટાશ ઓછી થશે.

## મરચાં

- ★ લાલ મરચાંની ભૂક્કીને તેલ ચોપડી તથા તેની સાથે એક હિંગનો ટૂકડો રાખવાથી મરચાનો રંગ લાલ જ રહેશે. સમય જતાં રંગ ઉડી નહી જાય અને કીડા પણ નહીં પડે
- ★ વાટેલા આદુ-મરચાંમાં એક ચમચી મીઠું-હળદર તથા એક ચમચી તેલ ભેળવવાથી આદુ મરચા લાંબા સમય સુધી તાજા રહેશે.
- ★ લીલા મરચાં રાખ્યા હોય તે પ્લાસ્ટીકની થેલીમાં ચપટી હળદર ભભરાવી રાખવાથી લીલા મરચા લાલ નહી પડે, લાંબા સમય સુધી તાજા રહેશે.
- ★ હળદર સાથે લીલાં મરચા રાખવાથી તે લાંબો સમય તાજા રહેશે.
- ★ લીલા મરચાનાં ડીંટીયા કાઢી નાખી પોલીથીન બેગમાં મૂકી તેને રેફ્રિજરેટરમાં મૂકવાથી તે લાંબો સમય તાજા રહેશે.
- ★ લાલ મરચાને તાજા રાખવા મરચાને કાગળની થેલીમાં મૂકી થેલી બંધ કરી થેલીના ઉપરના ભાગે છિદ્ર પાડી થેલી ફ્રિજમાં મૂકો.
- ★ વધારે પ્રમાણમાં લીલા મરચા સમારવાના હોય ત્યારે હાથમાં પોલીથીન પહેરી રાખવાથી બળતરા નહીં થાય.
- ★ મરચાં સમારવામાં થતી હાથમાં બળતરા દૂર કરવા અડધા લીંબુના રસમાં અડધી ચમચી મીઠું ભેળવી હાથ પર પાંચ મીનીટ ઘસી હાથ ધોઈ નાખો.
- ★ લીલા મરચા સમારતી વખતે હાથમાં સરસવનું તેલ ચોપડી રાખવાથી હાથમાં બળતરા નહીં થાય.

# વતનના વાવડ

● સંકલીત ●

## યંગ ઈન્ડિયા, વોટ કર ઈન્ડિયા

લોકસભાની ચૂંટણી નજીક આવતી જાય છે ત્યારે યુવાનો દ્વારા મતદારોની જાગૃતિ અર્થે તાજેતરમાં યોજાયેલા યુવા મતદાર મહોત્સવ - ૨૦૧૪માં કચ્છ યુનિવર્સિટીના પ્રાધ્યાપક અને વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલી કૃતિ ફરી ઝળકી હતી. ભારત સરકાર અને ચૂંટણીપંચ દ્વારા યોજાયેલી આ સ્પર્ધામાં વિમેન્સ કેટેગરીમાં યુનિ.ના કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગના આસિ. પ્રોફેસર કનિષ્ક શાહે રચેલું ગીત છાત્રાઓ મારિયા પઠાણવાળા અને અવનિ સોલંકીએ રજૂ કર્યું હતું. આ 'આઈ એમ એ વોટર, વોટિંદ અપના રાઈટ, ચલો કરે આગાઝ' જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને રાજ્યકક્ષાએ દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. આ સ્પર્ધા જિંગલ્સ, મેસ્કોટ, પોસ્ટર, વિમેન્સ શ્રેણી એમ વિવિધ પાંચ શ્રેણીમાં યોજાય છે અને જિલ્લામાં આ વખતે કુલ ૫૮ કૃતિઓ આવી હતી. ગત ચૂંટણી પહેલાની સ્પર્ધામાં પણ કચ્છ યુનિ. ઝળકી હતી.

આ ઉપરાંત જિંગલ્સ રેપ કેટેગરીમાં એમબીએમાં છાત્ર નિર્દેશ બૂચે લખેલું અને ગાયેલું યંગ ઈન્ડીયા, યે ફર્ઝ હૈ તેરા, વોટ કર ઈન્ડિયા જિલ્લા કક્ષાએ પ્રથમ આવ્યા બાદ રાજ્યમાં ત્રીજા સ્થાને રહ્યું હતું.

## વીરાયતનના પ્રાધ્યાપકને શ્રેષ્ઠ સંશોધનપત્રનો મળેલો એવોર્ડ

તાલુકાના જખણિયા સ્થિત વીરાયતન ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુસ ફેકલ્ટી ઓફ એન્જીનીયરીંગ એન્ડ ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ કોલેજના મિકેનિકલ વિભાગના પ્રોફેસર સ્મીત ઠક્કરે સુરત મુકામે આયોજીત નેશનલ કોન્ફરન્સ ઓન થર્મલ ફ્યુઈડ એન્ડ મેન્યુફેકચરીંગ સાયન્સમાં બેસ્ટ રિસર્ચ પેપર એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

સમગ્ર ભારતમાં વિવિધ કોલેજના પ્રાધ્યાપકો અને એન્જીનીયરો એ પોતાના રિસર્ચ પેપર રજૂ કર્યા હતા. જેમાંથી સ્મિત ઠક્કર 'ડિઝાઈન ડેવપલોપમેન્ટ એક્સપેરિમેન્ટલ ઈન્વેસ્ટિગેશન ઓફ ટ્રેપ્ડ વરટેક્સ કમ્બસ્ચન ચેમ્બર' વિષય પર પોતાનું સંશોધન પત્ર રજૂ કર્યું હતું. તેમને બેસ્ટ પેપર એવોર્ડથી નવાજીત કરવામાં આવ્યા હતા. આ સેમિનારમાં દિગ્ગજ પ્રોફેસરો તેમજ જુદી જુદી ઈન્ડસ્ટ્રીના જનરલ મેનેજર પણ હાજર રહ્યા હતા. તેમણે પ્રા. ઠાકરની પ્રશંસા કરી હતી.

તેમની કોલેજના ચેરપર્સન સાધ્વી શીલાપીજી, જો સેક્રેટરી ડૉ. કૌશિક શાહ તથા પ્રિન્સીપાલ ડૉ. બી.ડી. બીરનાળે તેમજ સમગ્ર સ્ટાફ પરિવારે શુભેચ્છા આપી હતી.

## કચ્છના ગૌરવ અને 'કચ્છ કેસરી અને કચ્છી મણિયારો' ઘોડાએ ફાની દુનિયા છોડી

પશુપાલકોના પ્રદેશ કચ્છમાં પાણીદાર ઘોડાને કચ્છનું ગૌરવ માનવામાં આવે છે. સિંધી નસલના ઘોડા ખરીદવા દેશભરમાંથી ઘોડે સવારીના શોખીનો કચ્છની મુલાકાત લે છે અને તેજ તરાર, તીખા તુરંગની વાહવાહી કરી લાખની કિંમતમાં ઘોડા ખરીદે છે. ઘોડાના યાચકો દ્વારા સંગઠનની રચના પણ કરવામાં આવી છે. કચ્છમાં પોતાની તીખી ચાલ માટે રાજ્યભરમાં પ્રખ્યાત બનેલા અશ્વોનું મૃત્યુ થતાં તેમને શ્રધ્ધાંજલિ આપવામાં આવી છે. રામ રહીમ કચ્છી સિંધી અશ્વપાલક સહકારી મંડળી દ્વારા કચ્છ જિલ્લાના અમૂલ્ય અશ્વોને શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી. અમૂલ્ય અશ્વ કચ્છ કેસરી તથા કચ્છી મણિયારો જે અંદાજે ૮ વર્ષના હતા.

## ભુજની છાત્રા નિબંધ સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ ઝળકી

ભુજની લેઉવા પટેલ કન્યા વિદ્યામંદિરની છાત્રા રાષ્ટ્રીય કક્ષાની નિબંધ લેખન સ્પર્ધામાં ઝળકી હતી. ધ ઓલ ઈન્ડિયા નિબંધ લેખન સ્પર્ધા રામચંદ્ર મિશન અને યુનાઈટેડ નેશન્સ ઈન્ફોર્મેશન સેન્ટર ફોર ઈન્ડિયા તથા ભૂતાન દ્વારા અંગ્રેજી ભાષામાં 'ઈફ માઈન્ડ ઓપન્સ ધેન હાર્ટ ઓપન્સ' વિષય પર રાષ્ટ્રીય કક્ષાની નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિબંધ લેખન સ્પર્ધામાં કચ્છી લેઉવા પટેલ કન્યા વિદ્યામંદિરમાં ધો. ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પ્રીતિકા ભીમજી સેંઘાણી (નારાણપર) એ પ્રથમક્રમ મેળવ્યો હતો અને તેણીને રામચંદ્ર મિશન સંસ્થા દ્વારા ગોલ્ડ મેડલ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. નિબંધ લેખન માટે હર્ષાબેન ઠક્કરે માર્ગદર્શન આપ્યું હતું.

## દેશના મહાબંદરોએ ૧૭ હજાર કરોડની યોજનાઓ

આર્થિક બાબતો ઉપરની કેન્દ્રિય કેબિનેટ કમિટીએ દેશના મહાબંદરો ઉપર રૂ. ૧૭૬૩૦ કરોડના વિકાસ કામોને લીલીઝંડી આપી છે. જેમાં કંડલાના કન્ટેનર ટર્મિનલોનો પણ સમાવેશ થાય છે. આ તમામ વિકાસ યોજનાઓ હાલે ટેન્ડરિંગના તબક્કે છે. એક અંગ્રેજી અખબારે આપેલા અહેવાલ પ્રમાણે કંડલા મહાબંદરે ૪.૨ બિલીયન ટનની ક્ષમતાવાળું કન્ટેનર ટર્મિનલ બનવાનું છે. આવા જ ટર્મિનલ જવાહરલાલ નહેરુ પોર્ટ કોલકાતા, એન્નોર પોર્ટમાં પણ બનશે. કન્ટેનર ટર્મિનલ ઉપરાંત અન્ય મળીને કુલે પાંચ મોટી વિકાસ યોજનાઓને આ મંત્રીમંડળની સમિતિએ રજામંદી આપી હતી.

રૂ. ૧૭,૬૩૦ કરોડની આ યોજનાઓ અત્યારે ટેન્ડરીંગ તબક્કે છે. માર્ચના અંત સુધીમાં એજન્સી નક્કી કરીને તેમને આ કામગીરી ફાળવી દેવાશે. ટૂંકમાં આવતા વર્ષ ૨૦૧૫ સુધીમાં આ યોજનાઓ કાર્યરત થઈ જાય તેવી શક્યતા છે. દેશના મહાબંદરોને આધુનિક અને સુવિધાયુક્ત બનાવવાની દિશામાં આ મહત્વનું પગલું છે, તેવી લાગણી શિપીંગ મંત્રાલયના સૂત્રોએ વ્યક્ત કરી હતી.

## સેવાભાવી તબીબ ડૉ. શાંતુબેનનું નિધન

બાળરોગ નિષ્ણાત તરીકે અપ્રતિમ ખ્યાતિ અને લોકચાહના તથા ઊંડો વિશ્વાસ ધરાવનાર ડૉ. શાંતુબેન પટેલનું તા. ૨૯મીએ સવારે ૧૦.૩૦ કલાકે ભુજ ખાતે દુઃખદ અવસાન થયું છે. તેઓ ૬૯ વર્ષના હતા અને છેલ્લા કેટલાક વખતથી ગંભીર બિમારીનો ભોગ બન્યા હતા. મુંબઈ ખાતે તેમની સારવાર ચાલતી હતી, પરંતુ તેમણે પોતાની સંસ્થામાં અંતિમ શ્વાસ લેવાનું પસંદ કર્યું હતું.

શાંતુબેન માધાપરના વતની અને જાણીતા વ્યવસાયિક વી.કે. પટેલના કુટુંબીજન હતા. લંડનમાં ઉચ્ચ અભ્યાસ કર્યા પછી વતન પ્રેમથી પ્રેરાઈને ભુજમાં ત્રીસેક વર્ષથી ધન્વંતરિ હોસ્પિટલ શરૂ કરી હતી. એ દરમિયાન મંદબુધ્ધિ અને શારિરીક વિકલાંગ બાળકો પ્રત્યેની અપાર કરૂણાથી પ્રેરાઈને તથા કચ્છ જેવા આ ક્ષેત્રે નહિવત સુવિધા ધરાવતા પ્રદેશની જરૂરિયાત પારખીને તમણે પોતાનો ધીકતો વ્યવસાય સમેટી લઈ ભુજમાં આ પ્રકારની તકલીફ વેઠતા બાળકો માટે ધન્વંતરિ સ્કૂલ ૧૯૯૬માં શરી કરીને વિકસાવી હતી, જેણે ક્રમશઃ આંતરરાષ્ટ્રિય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી.

શાંતુબેન છેલ્લા કેટલાક વરસોથી વિપશ્યના સાધના તરફ વળ્યા હતા અને તેમાં વિકાસ સાધીને આચાર્યના પદે પહોંચ્યા હતા. તેમની સાધના પ્રવૃતિનો દુનિયાભરના કેન્દ્રોમાં સ્વીકર થયો હતો.

શાંતુબેનની સિધ્ધિઓની કદરરૂપે સી.એન.એન. અને આઈ.બી.એન. ચેનલ તરફથી મુંબઈ અમિતાભ બચ્ચનના હસ્તે સિનિયર સિટિઝન એચિવમેન્ટ એવોર્ડ તાજેતરમાં અર્પણ કરવામાં આવ્યો હતો. ધરતકંપનો ભોગ બનેલા બાળકોને પગભર કરવા તેઓ ખડેપગે રહ્યા હતા.

બાળરોગ તજજ્ઞ ડૉ. શાંતુબેનની સેવાની ખ્યાતિ એટલી વિસ્તરી કે જી.કે. જનરલ હોસ્પિટલ સામે એક ખંડથી હોસ્પિટલનો આરંભ કર્યો હતો જેમાં અર્લી ઈન્ટરવેશન પર વિશેષ ભાર મુકાયો હતો. વિકલાંગ બાળકોને સારવાર માટે વાલીઓ કચ્છ, હળવદ, મહેસાણા, બનાસકાંઠાથી માંડી રાજસ્થાન, મુંબઈ, ઝિમ્બાવે અને નૈરોબીથી લાવતા હતા.

ધન્વંતરિ સ્કૂલમાં ખાસ કરીને મંદબુધ્ધિ, બહેરા-મુંગા અને નજરની તકલીફવાળા ૧૬૦ જેટલા બાળકોને નિદાન સારવાર, શસ્ત્રક્રિયાથી માંડી શિક્ષણ અને સ્વાવલંબી બનાવવાની તેમણે ધૂણી ધખાવી હતી. ગરીબોને મફત પ્રવેશ તો અન્યો પાસે ફી રૂ.૨૫૦૦ના ખર્ચ સામે માત્ર રૂ. ૪૦૦ છે. બાળરોગ, તબીબોના રાજ્યકક્ષાના સંગઠન ઈન્ડિયન એકેડેમી ઓફ પેડિયાટ્રીક (આઈ.એ.પી) ના ગુજરાતના પ્રમુખ ડૉ. રાજેશ માહેશ્વરી (જેસવાણી)એ કચ્છને રાજ્યના સંગઠન વતી ગાંધીધામથી અંજલિ આપતાં જણાવ્યું હતું કે, ડૉ. શાંતુબેનની વિદાયથી તબીબ જગતને ન પૂરાય તેવી ખોટ પડી છે, તેઓ તબીબો માટે ફિલોસોફર, મિત્ર અને માર્ગદર્શક રહ્યા હતા.

## સાધના આશ્રમ, બિદડા : ૧૯૨૫

કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના બિદડા ગામે પરમ પૂજ્ય બાપુજીના હુલામણા નામે જાણીતા શ્રી વેલજી ઠાકરશી ગેલાએ શરૂઆતથી અરવિંદ તત્વ પ્રચારક મંડળ તરીકે ઓળખાતા મંડળની સ્થાપના કરી હતી. તેઓ તા. ૮-૮-૧૯૨૩ના તેમજ બીજી વાર તા. ૧૧-૭-૧૯૨૫માં શ્રી અરવિંદના દર્શન માટે પોંડિચેરી ગયેલ હતા. પરિણામે તેની અસરથી આશ્રમની સ્થાપના કરેલ. જે હાલે 'સાધના આશ્રમ' બિદડા તરીકે જાણીતું છે. તેમાં વિવિધ ધર્મ ગ્રંથો 'આર્ય' માસિકની ૬ ફાઈલો વિગેરે છે. લાયબ્રેરી 'જ્ઞાન પ્રાપ્તિષ્ઠાન' તરીકે ઓળખાય છે. તેમના નિધન બાદ પૂ. ગોમતી માએ ૧૯૬૬ થી ૧૯૯૧ સુધી આશ્રમ સંભાળેલ.

વેલજીભાઈનો અભ્યાસ ગુજરાતી ૭ ચોપડી (અંગ્રેજી ધો.૩) સુધીનો હતો પણ તેઓની જ્ઞાન પિપાસા, સંસ્કૃત જ્ઞાન માટે પંડિત પાસે શિક્ષણ મેળવેલ.

તેઓશ્રી અંબાલાલ બાલકૃષ્ણ પુરાણીની નજીક રહેલ, શ્રી અંબુભાઈએ તા. ૧-૧૨-૧૯૨૨ના પોતાના પુસ્તક 'પૂર્ણયોગ ખંડ ૧લો કર્મયોગ' ના નિવેદનમાં જણાવેલ છે કે શ્રી વેલજીભાઈનો અપૂર્ણ ઉત્સાહ અને ઉત્તેજન ન હોત તો મારા લેખિત ગ્રંથો મારી પાસે હજી પણ વર્ષો પર્યંત પડ્યા જ રહેત. આ ગ્રંથ બિદડામાં રહીને તેઓએ લખેલ હોવાનું જાણવા મળે છે. પ્રકાશક શ્રી અરવિંદ તત્વ પ્રચારક મંડળ, ભરૂચે પ્રકાશિત કરેલ. આમ તેઓએ શ્રી અંબુભાઈ પુરાણીને આર્થિક સહાય કરીને પ્રોત્સાહિત કરેલ.

તેઓશ્રી અંબુભાઈ પુરાણી શ્રી માધવ તીર્થ વેદાંત તેમજ શ્રી વલ્લભભાઈ પટેલ તેમજ અન્ય પણ સંપર્કમાં રહેતા.

વેલજીભાઈએ ૧૯૬૬માં દેહ છોડ્યા ગોમતીબાઈએ આશ્રમ સંભાળેલ અને હાલે શ્રી ભવાનજીભાઈ નાથાભાઈની દેખરેખ નીચે તે ચાલે છે. આમ શ્રી અરવિંદ આશ્રમ ૧૯૨૫થી બિદડા ગામે નાના ગામડામાં ચાલતો હોય તે માટે ગૌરવની વાત છે.

## વિવિધ ક્ષેત્રે પ્રદાન બદલ કલાકાર - સાહિત્યકારોને પારિતોષિક એનાયત

કલા સાહિત્યને પોષનાર અને સર્જન પ્રક્રિયાના અંતરંગોને જનસમુદાય સુધી પહોંચાડી કલાકાર સાહિત્યકાર અને ભાવકવર્ગ વચ્ચે સેતુરૂપ શ્રીમતી તારામતી વિશનજી ગાલા કલા સાહિત્ય પારિતોષિક સમિતિનો આ વર્ષનો મેળાવડો મુંબઈ ઘાટકોપરના ઝવેરબેન સભાગૃહ ખાતે યોજાયો હતો.

આ પારિતોષિકો મનહર ચૌહાણ (હિન્દી ભાષામાં આજીવન સાહિત્યસર્જન માટે), આસમલ માયા ધુલિયા (વર્ષ ૨૦૧૨ના ઉત્તમ કચ્છી સંગ્રહ લાખેણી લાણના સર્જન માટે), રાજેશ ગઢવી (કચ્છી લોકસાહિત્યની આજીવન સેવા કરવા બદલ), કેશવજી (જૈન) સતરા (આજીવન સંગીત લાધના-શિક્ષણ માટે) અને ફાલ્ગુની શાહ (લોકનૃત્યક્ષેત્રે આજીવન પ્રદાન કરવા બદલ)ને પ્રાપ્ત થયા હતા.

કાર્યક્રમના આરંભે ડૉ. શ્વેતા દેઢિયાને સૌને આવકારી પારિતોષિક સમિતિની ઓળખ આપી હતી. સમિતિના વરિષ્ઠ સભ્ય અને કુંજલજી કુણકારના તંત્રી કવિ માધવ જોષી 'અશ્ક', ડૉ. માધુરી છેડા (એસએનડીટીના પૂર્વ ડીન), કવિ-સાહિત્યકાર ડૉ. વિશન નાગડા, તારામતીબહેન અને વિશનજી હરશી ગાલા તેમજ પુરસ્કૃત સાહિત્યકારો અને કલાકારોએ દીપ પ્રાગટ્ય બાદ સમિતિના સભ્ય ડૉ. વિશન નાગડા દ્વારા પુરસ્કૃતનો પરિચય આપ્યો હતો. કિરીટ વિશનજી ગાલાએ સર્જનપ્રક્રિયાને ધ્યાનથી જોડતું ચિંતનાત્મક વકતવ્ય આપ્યું હતું. આસમલ ધુલિયા (કચ્છિ કવિ) કાવ્યપઠન બાદ મનહર ચૌહાણની વાર્તા પ્રસ્તુતિ 'રિંગટોન'નું શુભમ ગાલા, જય મંગે, ડૉ. વિધિ દેઢિયા, ડૉ. નીમુ નાગડા દ્વારા નાટ્યાત્મક પઠન કરાયું હતું. કેશવજી જૈન (સતરા) અને શિષ્યવૃંદે ગીતો પીરસ્યા હતા. કેશવજીભાઈએ ગઝલ ગાયકી અને શેરો શાયરી રજૂ કર્યા હતા. ગાયક રાજેશ ગઢવીએ શ્રોતાઓની પ્રશંસા મેળવી હતી. ફાલ્ગુની શાહ અને એમના કલાવૃંદની બહેનોએ જુદા જુદા નૃત્યો રજી કર્યા હતા. સંચાલન ડૉ. નિરવ નાગડા અને ડૉ. શ્વેતા દેઢિયાએ રજૂ કર્યું હતું.

# કલરવ

• દિનેશ માંકડ •

## ટોક વિથ ટાબરિયા

કેમ છો, દોસ્તો, અત્યારે તો બગીચામાં જવાનો મૂડ છે નહીં ? બીજી કસોટી પરીક્ષા પૂરી થઈ ગઈ કે થઈ જવામાં છે. વાર્ષિક પરીક્ષાઓને ખૂબ વાર છે ને આ તો ફુલોની ઋતુ વસંત જામી છે. રંગબેરંગી ફુલોને દરેકમાં અનોખી સુગંધ ! ઈશ્વરે ખરેખર કમાલ કરી છે. અનેક પ્રકારના, અનેક રંગના ને અનેક સુગંધ પ્રસારતાં ફુલો આપણા જીવનમાં આનંદ ભરવા માટે જ આપ્યા છે. ગમે તેટલો ગંભીર વ્યક્ત ફુલો સામે જુએ, તો તેના મનને - આંખને જરૂર ટાઢક વળે. દુનિયામાં કોઈ એવી વ્યક્તિ મળે ખરી કે જેને ફુલો ન ગમતા હોય ? તમને પણ ગમે જ છે ને !

ચાલો, આજે એક કામ કરીએ, તમારા ભણવાના વિષયોને તેના નામને બદલે ફુલોના નામ આપી દઈએ. ગુજરાતી એટલે ગુલાબને ગણિત એટલે ગલગોટા વગેરે.. ને પછી તો તમને બધા જ ... ફુલોની જેમ જ ગમવાના ને ! દોસ્તો આ વાત અત્યારે એટલે કરી કે વાર્ષિક પરીક્ષા તો આપણા...

આખા વર્ષનું પરિણામ છે. આપણા સુંદર અને ઊંચી ટકાવારીના પરિણામથી આપણા કરતાંયે વધારે આનંદ આપણા માતા-પિતાને, ગુરુજનોને અને મિત્રોને થાય છે. મિત્રો ખોટું ન લગાડશો પણ હકીકતમાં નીચાંને ન ધારેલા નબળા પરિણામ માટે ઘણીયે વાર આપણે પોતે જ જવાબદાર હોઈએ છીએ. છેક છેલ્લી ઘડીએ જાગીએ - અને તૈયારી ઓછી થાય ને હા, એક ખૂબ કામની વાત. હવે તો બધી જ પરીક્ષા એમાં બહુ વિકલ્પ કસોટી (MCQ) આવી ગઈ છે. ને તેમાં તો પાઠ્યપુસ્તકની લીટીએ લીટીમાંથી સવાલો તૈયાર થાય છે. એટલે જ તો 'કલરવ' ના મિત્રોએ અત્યારથી જ નક્કી કરી લીધું છે કે દરેક પાઠ્યપુસ્તક ઓછામાં ઓછું પાંચવાર સમજી-વિચારીને વાંચીશ ને પાછા આ તો હવે ગમતા ગુલાબને ગલગોટો છે ને ! આ વાત વહેલી એટલે કરી કે સમય ખૂબ ઝડપથી દોડે છે. આપણે પણ દોડવાનું શરૂ કરી જ દેવું પડે, જો જો પાછળને રહી જવાય.

## નાની વાત - મોટો બોધ

એક ખ્રિસ્તી યુવાન ઓલિમ્પિકની રમતોમાં તરવાની સ્પર્ધામાં ભાગ લેવા તૈયારી કરી રહ્યો હતો. તેનો એક દિવસ રાત્રે તે ઘરની પાસે આવેલ જાહેર સ્નાનાગાર-સ્વીમીંગ પુલમાં પહોંચ્યો. સ્વીમીંગ પુલની ઊંચી દિવાલોને કારણે અંધારૂં ખૂબ લાગતું હતું. પોતાની ધુનમાં મસ્ત એ કુદકો મારવા સૌથી ઊંચા પાટીયા પર પહોંચ્યો. ઊંધી ડાઈવ મારવા માટે તે પાટીયા પર ઊંધો ઊભો રહીને બે હાથ પહોળા કર્યા. એ જ સમયે પાછળના રોડની લાઈટને લીધે સામેના મકાન પર પડતો પોતાનો વિશાળ પડછાયો એની નજરે પડ્યો. પહોળા કરેલા હાથને લીધે પડછાયોનો આકાર વધસ્તંભ પર ચડેલા ભગવાન ઈસુ ખ્રિસ્ત જેવો લાગતો હતો. આવું દશ્ય જોતાં જ તેના દિલમાં શ્રદ્ધાનો આવેગ આવી ગયો. તેનું મન ભગવાનની યાદમાં ઊભરાઈ આવ્યું. ડાઈવ મારવાનું બે ક્ષણ મુલતવી રાખી તે પ્રાર્થના માટે ઝુક્યો અને મોટેથી બોલી ઊઠ્યો, 'ઓ ગોડ પ્લીઝ બ્લેસ મી. (હે ભગવાન મારા પર કૃપા કરો).

જોરથી બોલાયેલા એના શબ્દો સાંભળીને પુલની રખેવાળ કરતા ચોકીદારે સ્વીમિંગ પુલની બધી લાઈટ્સ ચાલુ કરી દિધી. અચાનક પથરાયેલા અજવાળાને કારણે પેલા યુવાને નીચે જોયું. એ સ્તબ્ધ અને ગળગળો થઈ ગયો. એ દિવસે સાફસુફી માટે સ્વીમિંગ પુલ ખાલી કરી નાખવામાં આવ્યો હતો. એમાં જરાપણ પાણી નહોતું. જો એણે કુદકો મારી દીધો હોત તો ? એવો વિચાર પણ એને ધ્રુજાવી ગયો. ખરેખર ભગવાને તેની પ્રાર્થના સાંભળી હતી. એ યુવાન ક્યાંય સુધી ઝુકીને આંસુ ટપકતી આંખે ભગવાનની આભાર માનતો બેસી રહ્યો.

ખરેખર ! ભગવાનને યાદ કરીએ અને એ ન સાંભળે એવું ક્યારેય બનતું નથી. બમ જરૂર હોય છે એને દિલથી સાદ પાડવાની. **સંકલન : રાજન પટેલ, અમદાવાદ**

## Health is Wealth

થોડા દિવસ અગાઉ અમદાવાદમાં 'સાઈકલો થોન' યોજાઈ ગઈ. ૪૦૦૦ થી પણ વધારે સ્પર્ધકો એ તેમાં ભાગ લીધી. દોસ્તો, તમે સાઈકલ ચલાવો છો ખરા ? નાના હતા ત્યારે જન્મદિવસની ભેટમાં લગભગ બધાને સાઈકલ ભેટ મળી હશે જ. પછી તમે કેટલા વર્ષ ચલાવી ? આજે પણ ચલાવતા હો તો સારી વાત છે. નહીંતર શરૂ કરો. કારણકે સાઈકલ ચલાવવાના અનેક ફાયદા છે. શરીરના તમામ અવયવ ખાસ કરીને પગ-હાથ, કમરને તો કસરત મળે જ.

એકાગ્રતા અને સમતોલનની ટેવ કેળવાય. અને વધારાની વાત એ કે ઈંધણ (પેટ્રોલ) અને પપ્પાએ ચૂકાવવાના રિક્ષા ભાડા કે સ્કૂલબસના પૈસા બચાવે હવામાં પ્રદુષણ ફેલાવવામાં આપણો ફાળો ઘટે. દુનિયાના કેટલાય શહેરોમાં સપ્તાહમાં એક દિવસ માત્ર સાયકલ ચલાવવાનાં લાખો લોકોની સંખ્યા છે. તો આજથી શરૂ ? હા, ટ્રાફિકના નિયમો હું પાલન ચોક્કસ જરૂરી છે !

## ગૌરવ ગાથા

કચ્છભૂમિ સાહિત્ય, સંગીત અને લોકકથાથી ભરપૂર છે. અનેક કવિ, લેખક મિત્રોનું સાહિત્ય જગતમાં ખૂબ મોટું પ્રદાન રહ્યું છે. એવા જ એક વિશિષ્ટ લેખક એટલે ડૉ. જયંત ખત્રી. વ્યવસાયે ડોક્ટર, છતાં ગુજરાતને ખૂબ જ સુંદર નવલિકા ટૂંકીવાર્તાઓ તેમણે આપી. ૨૪ સપ્ટેમ્બર ૧૯૦૯માં મુંદ્રા કચ્છમાં જન્મેલા જયંતભાઈ દાક્તરીનું ભણવા મુંબઈ ગયા. મહેનતુ અને શ્રમજીવી લોકોના જીવનની દશા જોઈને સામ્યવાદી વિચારધારાના બીજ રોપાયા, વ્યથા સાંભળી, તે વ્યથાને વાર્તામાં કથામાં ઉતારવા લાગ્યા, પોતાના વ્યવસાયી કર્મ ભૂમિ કચ્છ માંડવી બનાવી. દર્દીની અશક્તિ જોઈને ફળો ખાવાની સલાડ આપે, પણ ચહેરો વાંચીને એટલે દવાના પૈસા લેવાની વાત પડખે રહે, પણ ફળો લેવાના પૈસા પોતે આપી દે !

વરસાદી વાદળી તેમની પ્રથમ વાર્તા પછી તો ફોરા, વહેતા ઝરણાંને ખરા બપોરે નવલિકા સંગ્રહમાં અનેક આગવી છાપ પાડતી નવલિકાઓ તેમણે ગુજરાતી સાહિત્યને આપી. 'હીરો ખૂંટ ! જેવી વાર્તા, માધ્યમિક શાળાના ભાષાના પુસ્તકમાં પણ સમાવવામાં આવી છે.

કચ્છભૂમિમાં ખારાશ છે, સંઘર્ષને શબ્દોમાં ઉતારવાવાળા અનોખા લેખક ડૉ. જયંત ખત્રીને સલામ.

## શું તમે જાણો છો ?

**ફર્મીના કોયડા શું છે ?**

ન્યુ મેક્સિકોના આલામોગોર્ડાના રણમાં ૧૯૪૫ના જુલાઈમાં સોમવારે સવારે ૫.૨૯ મિનિટે જગતનો પ્રથમ પરમાણુ બોમ્બ ફુટ્યો. ચાલીસ સેકન્ડ બાદ તે ધડાકાનું આઘાતી મોજું નિરીક્ષણ છાવણીમાં પહોંચ્યું. બોમ્બ ફુટયા તે પડેલા ઊભેલા વૈજ્ઞાનિક 'ફર્મી' એ નોટબુકના કાગળનું એકપાનું ફાડી, તેના ટુકડા કરી નાખ્યા પછી શાંત હવામાં કાગળની કાપલીઓને પોતાના માથા પર ઊંચે મુક્ત કરી અને તે કાપલીઓ તેમની પાછળ અઢીવાર (સાતેક ફુટ) દૂર ઊડીને જમીન પર પડી. વૈજ્ઞાનિક ફર્મીએ તરત જ મનોમન ટૂંકી ગણતરી કરી. જાહેર કર્યું કે બોમ્બની ઊર્જા દસ હજાર મેટ્રીક ટન .. વડે ઉત્પન્ન થતી ઊર્જા જેટલી હોવી જોઈએ. ફર્મીએ ક્ષણમાં કાઢેલા અંદાજને અન્ય વૈજ્ઞાનિકોએ આધુનિક સાધનોની, અઠવાડીયાની જહેમત બાદ કરેલા વિશ્લેષણો પરથી અનુમોદન આપ્યું !

નેનો ટેકનોલોજીના યુગમાં પણ આ રીતે કાચા અંદાજો, ઝડપી ગણતરીની ખુલીઓ, આધુનિક યંત્રોને પણ ઘણીવાર પાછળ પાડી દે છે. વડીલોને પૂછી જોજો સવાયા, દોઢા, અઢીયાને ઊંઠાના પાડા એટલે શું ? અને હવે તમે જ ગણતરી કરીને બતાવો દુનિયામાં ટાલિયાઓની વસ્તી કેટલી ? (નોંધ : સ્ત્રીઓને ટાલ ન હોય અને સામાન્યતઃ ૪૦ વર્ષ ઉપરના ૧૦% લોકો કાંસલ વાપરતા નથી !)

**ભારતીય નાણાંનું નામ 'રૂપિયો' કેમ પડ્યું ?**

પહેલાના જમાનામાં વિનિમય - નાણાંના ચલણ તરીકે અનેક વસ્તુઓ લેવામાં આવતી હતી. વેપાર-વ્યવસાય અને સામાજીક વિકાસની સાથે અને ચાંદીનું બીજું નામ એટલે 'રૂપું'. રૂપાના સિક્કાઓ, દેશમાં લાંબા સમય સુધી ફરતા રહ્યા અને તેમાંથી 'રૂપિયો' શબ્દ રહી ગયો. આજે ભલે કાગળની નોટ ચલણમાં અમલમાં છે છતાં મૂલ્ય 'રૂપાં' અર્થાત્ રૂપિયા તરીકે જ ઓળખાય છે.

— ધ્રુવ એચ. શુક્લ-ધો.૬

## મગજ કસો, નહીં તો ખસો

**ખાલી જગ્યા પૂરો.**

૧. ૨૧.૧૨, ૩૨.૨૩, ૪૩.૩૪, ..., ..., ...

૨. ૧, ૪, ૮, ૧૬, ..., ..., ...

૩. ૮૭, ૭૬, ૬૫, ..., ..., ...

૪. ૬૦, ૫૪, ૪૮, ૪૨, ૩૬, ..., ..., ...

૫. ૧૨૩૨૩, ૨૩૪૩૪, ૩૪૫૪૫, ..., ..., ...

## હસ્યા તો ફસ્યા

(૧) ડોક્ટર (પોપટલાલને) : તમારી એક કીડની ફેઈલ થઈ છે ?

પોપટ : કેટલા માર્કસથી ?

(૨) પોપટલાલ : અક્કલ બડી કે ભેંસ

મોહનલાલ : ભેંસ

પોપટલાલ : કેવી રીતે ?

મોહનલાલ : અક્કલ ખોપરીમાં સમાય, ભેંસ ન સમાય.

## શબ્દશોધ-૨૨

● પ્રદીપ જોશી-આદિપુર ●

### આડી ચાવી

૧. આમ આદમી પાર્ટીના નેતા (૯)
૮. જાણીતું, પ્રખ્યાત (૨)
૯. સત્તા, અધિકાર, રાજ્ય (૩)
૧૦. વેપારની ચીજવસ્તુ, વેપારી સામાન, સ્થાવર કે જંગમ મિલ્કત (૪)
૧૩. સફળતા, નસીબદારી (૪)
૧૬. એકમહિનો (૪)
૧૮. ઉત્સવ (૩)
૨૦. અરજી, નિવેદન, દરખાસ્ત (૩)
૨૨. દવા વગેરે ઘૂંટવાનો ખચકાવાળો ઘડેલો પથ્થર, ખલ (૩)
૨૪. મમ્મીની ભાભી (૨)
૨૫. 'ધરતીનો છેડો....'(૨)
૨૬. બેસીને આવ જા કે પ્રવાસ કરવા માટેનું કોઈપણ સાધન (૩)
૨૭. વરસાદને કચ્છીમાં શું કહેવાય ? (૧)
૨૮. સંગીતના સ્વરોમાંનો પહેલો સ્વર, ખંજવાળ, વલૂર (૩)
૨૯. એક તેલીબિયું (૨)
૩૦. સસરાને કચ્છીમાં શું કહેવાય ?(૩)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | ■ | |
| ૧૩ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | ૧૭ | |
| ■ | | ■ | ૧૮ | ૧૯ | | ■ | | ■ |
| ૨૦ | | ૨૧ | ■ | | ■ | ૨૨ | | ૨૩ |
| | ■ | ૨૪ | | ■ | ૨૫ | | ■ | |
| ૨૬ | | | ■ | ૨૭ | ■ | ૨૮ | | |
| | ■ | ૨૯ | | ■ | ૩૦ | | ■ | |

### ઊભી ચાવી

૧. હાથના પંજાની ટચલી પહેલાની આંગળી (૪)
૨. ગંજીફાનીએકરમત(૨)
૩. સ્થિતિ, હાલત, અવસ્થા (૨)
૪. સિંહ, કેસર નાખ્યું હોય તેવું (૩)
૫. વ્યક્તિ (૨)
૬. સુંદર સ્ત્રી (૨)
૭. લ લ લ એમ આલાપ સાથે ગાવુંએ (૪)
૧૧. તારક મહેતા કા ઉલટા ચશ્મા સીરીયલમાં અભિનેત્રી દિશા વાકાણીનું કામ શું છે ? (૨)
૧૨. ખાસ કરીને ખીચડીમાં વપરાતું એક કઠોળ (૨)
૧૪. મોર (૩)
૧૫. બીજી તિથી (૨)
૧૬. આદર, સન્માન (૨)
૧૭. બારથી બાવીસ વચ્ચેની એક સંખ્યા (૩)
૧૯. ... સલામત તો પઘડીયા બહુત (૨)
૨૦. લાલકૃષ્ણ ... (૪)
૨૧. જામીન, જામીનગીરી (૪)
૨૨. મરણ થયું હોય તેને ત્યાં જઈ શોક વ્યક્ત કરવો એ (૪)
૨૩. અમુક અમુક મુદતે આપવાની થતી રકમ, ફાળો (૪)

**શબ્દશોધ-૨૧ ના જવાબો**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કં | ૨ ક | ■ | ૩ હા | ■ | ૪ ર | ૫ વિ | ૬ વા | ર |
| ■ | ૭ મા | ૮ વ | જી | ૯ મ | હે | શ્વ | રી | ■ |
| ૧૦ લા | લ | ન | ■ | ૧૧ દ | વા | ■ | ■ | ૧૨ આ |
| ભ | ■ | રા | ■ | ૧૩ ન | સી | ૧૪ બ | ■ | મ |
| ■ | ૧૫ ભો | જ | ૧૬ ન | ■ | ■ | ૧૭ ળ | ગ | આ |
| ૧૮ ભુ | જ | ■ | ૧૯ ક | ૨૦ ક | ૨૧ ર | વા | ■ | દ |
| ■ | ૨૨ ના | ૨૩ મ | ■ | ૨૪ દા | મ | ન | ■ | મી |
| ૨૫ જ | લ | ત | ૨૬ રં | ગ | ■ | ■ | ૨૭ બા | પા |
| ૨૮ વ | ય | ■ | ૨૯ ક | રો | ળિ | યો | ■ | ટી |

**ગયા અંકના સાચા જવાબો મોકલનાર :**

● મહાભાઈ આર. વોરા-ભુજ ● રશ્મિકાંત એસ. સાવલા-ભુજ
● સર્જિત આર. દેસાઈ-ભાવનગર ● ઉષા બી. અંતાણી-ભુજ

# પ્રતિભાવ

● ‘કચ્છશ્રુતિ’નો ડીસેમ્બર અંક મળ્યો છે. આભાર. આ અંકમાં અપાયેલ ‘કચ્છી ભાષા પાંજી ભાષા - મીઠડી ભાષા’ લેખ નોંધનીય છે. લેખકશ્રી ગોલીબારને અભિનંદન. ‘મહિલા વિશ્વ’ વિભાગમાં અપાતી માહિતી પણ ઉપયોગી બની છે. આવા વિભાગ ખરેખર તો સમાજના સામયિકોને વધુ શોભાવે છે. ‘કચ્છશ્રુતિ’ની સજાવટ અને પ્રસ્તુતિ માટે જ સુંદર ને આવકાર્ય છે. શુભકામના.. **– જયંતિભાઈ ધોકાઈ-ઓખા.**

● ‘કચ્છશ્રુતિ’ જાન્યુઆરી-૧૪ ના અંકનું .. મુખપત્રનું ચિત્ર આહ્‌લાદક છે. સુખ તો છે અંતરની અનુભૂતિ લેખ વિચાર શાસનનો મહિમા સમજાવે છે. વાચક આને સમજીને અમલ મુકશે તો જીવનનો બાગ મહેંકી ઉઠશે. તંત્રી સ્થાનેથી લેખમાં ભરતભાઈ ઓઝાએ જણાવ્યું છે ૨૦૧૩નું વર્ષ કચ્છ માટે સારું નિવડ્યું છે. કચ્છ લીલું છમ બન્યું છે. તહેવારો ઊજવાય છે. કચ્છ વિશ્વના પ્રવાસન નકશામાં મજબૂત રીતે સ્થાન પામ્યું છે. જે સત્ય છે ભગવાનની કૃપા કચ્છ પર સદા વરસતી રહે. એજ કચ્છવાસીઓ ભગવાન પાસે હંમેશા પ્રાર્થના કરતા રહે એ જરૂરી છે. કચ્છશ્રુતિ દિવસાદિવસ ખૂબ જ પ્રગતિ કરે છે અને નામના મેળવે છે એ બદલ અભિનંદન. **– મહાભાઈ આર. વોરા-ભુજ**

● કલરફુલ અને આકર્ષક મુખપૃષ્ઠ સાથેનું ‘કચ્છશ્રુતિ’. ઉત્તરોત્તર જમાવટ કરી રહ્યું છે. તેમાં તેના સંપાદક અને સંચાલકોની જહેમત દેખાય છે. મહિલાઓને લગતો વિભાગ ‘મહિલા વિશ્વ’ પણ ગમે છે, તેને ચાલુ જ રાખશો... સાથે સાથે તેમાં આવતી વિવિધ હોમ્સ ટીપ્સ પણ મહિલાઓ માટે ઉપયોગી છે. આ વિભાગમાં સીઝન પ્રમાણેની એકાદ બે વાનગી દર અંકમાં અપાય તો તે વધુ ગમશે... કારણકે આજકાલ વર્તમાનપત્રો અને ટીવી ચેનલોમાં પણ રસોઈ સંબંધિત વિભાગો અને તેની વેરાઈટીસના કારણે તે મહિલાઓ માટે આકર્ષણરૂપ રહ્યા છે. એવું અહીં પણ થાય એમ છે.

આ સિવાય કચ્છમાંથી મોટી સંખ્યામાં કચ્છી બાંધવો ભગિનીઓ ખાસ સારવાર માટે અમદાવાદ આવતા હોય છે ત્યારે ત્યાં પહોંચ્યા પછી ઘણા લોકો ક્યા રહેવાની - જમવાની સુવિધા છે. ખાસ કરીને ક્યા રોગ માટે કઈ કઈ નામાંકિત હોસ્પિટલ છે તે અંગેની પ્રાથમિક માહિતી પણ મેડિકલ હેલ્થ જેવા વિભાગ અંતર્ગત શરૂ થાય તો પણ જરૂરતમંદો માટે મદદરૂપ બની રહેશે.. ઓવરઓલ.. કચ્છશ્રુતિ ગમેછે. એનો જ આપણને સૌને આનંદ છે. તેનો સાતત્ય અને ઉત્તરોત્તર પ્રગતિની શુભકામનાઓ... **– જ્યોત્સના પ્રદીપ જોશી-આદિપુર**

● Your Kutchshruti has become more attractive and readable. I congratulate you for infusing colors and interest in the mind of Kutchshruti readers by publishing variety of readable material every month. I am a life time member and regular reader of Kutchshruti. I am also thankful to you for regularly publishing my gazals and poems in your Kutchshruti.

However, I have one humble suggestion. I have observed that gazals and poems published in your Kutchshruti need to adopt and accept the common practice of starting and ending all of its lines parallely that is to say that all its lines should be of equal length. This practice is not being strictly followed which need to be done. The lines of equal length will add to the beauty and shape of gazals and poems. I trust you would welcome this minor suggestion.

I wish Kutchshruti would provide more and more readable materials and features to its raders with your able editorial-ship. **Chandrakant Dhal-Ahmedabad**

***(Noted with Thanks)***


● ‘કચ્છશ્રુતિ’ નિયમિત મળતું હોઈ તેનું વાંચન થતું રહે છે. આ સામાયિક વાંચતા વતન પરત્વેનું પોતાપણું અનુભવાય છે. આ વખતના અંકમાં આપશ્રીએ ‘વેલકમ-૨૦૧૪’ માં ગત વર્ષની ગતિ વિધિઓને ખૂબ જ સુંદર રીતે વણી લીધી છે. તેમાં પણ આપે લખેલ મુખ્ય રાજકીય પક્ષો એમનાં વાણી અને વર્તનમાં ફેરફાર લાવવા મજબુર થશે. ખાસ કરીને રાજકરણમાં વી.આઈ.પી. કલ્ચરને તથા ભ્રષ્ટાચારને નાથવાની બાબત તેમજ સરકાર પક્ષે થતા બેફામ ખર્ચાઓ અને પ્રજાના પૈસે થતા તાગડધિન્ના પર કાબૂ લાવવા જેવી બાબતોને અંકુશમાં લેવાય તો સમાજના બુદ્ધિજીવી વર્ગને રાજકારણમાં પ્રવેશ કરવાનો માર્ગ આમઆદમી થકી ખુલ્લો થશે. આ બહુ જ મહત્વનું છે.

**– જાદવજી કાનજી વોરા-મુંબઈ**

# કામણગારા કચ્છને સલામ...!

ઈ.સ. પૂર્વે 5000થી આજ સુધીના કચ્છના વિકાસની તેજસ્વી તવારીખનો દસ્તાવેજ આપતાં અનોખાં બે પુસ્તકો –

ત્રીસ જેટલા સર્જકો-પત્રકારોના પરિશ્રમ અને અભ્યાસલેખોથી સમૃદ્ધ આ ગ્રંથમાં એવું ઘણું બધું છે જે તમને વિસ્મયમુગ્ધ કરી દેશે...




**આજે જ વસાવો...**


## કચ્છનો સર્વાંગી ઇતિહાસ (ખંડ : 1-2)

સંપાદકો :
હંસરાજ કંસારા, ઉમિયાશંકર અજાણી, નરેશ અંતાણી, દિલીપ વૈદ્ય

**કિંમત : રૂ. 700 (બંને ખંડના)**

## આ ઉપરાંત અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| કચ્છ વિહંગાવલોકન | હરેશ ધોળકિયા | 75 |
| જયંત ખત્રીનો વાર્તાવૈભવ | સંપા. શરીફા વીજળીવાળા | 160 |
| કચ્છની રસધાર ભા. 1થી 5 | દુલેરાય કારાણી | 375 |
| છાવણી (ઇનામી નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| અંગદનો પગ (નવલકથા) | હરેશ ધોળકિયા | 150 |
| કચ્છી કથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 90 |




- વિવિધ પ્રસંગોને યાદગાર અને સુગંધમય બનાવવા માટે ભેટ આપી શકાય તેવાં સેંકડો પુસ્તકો
- સાહિત્યિક ઉપરાંત શૈક્ષણિક પ્રકાશનો
- આરોગ્ય વિષયક, પ્રવાસ વિષયક, મહિલા-વિષયક અને હાસ્યરસનાં પુસ્તકો –

વિનામૂલ્યે અમારું સૂચિપત્ર મેળવવા સંપર્ક કરો

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૪૪૬૬૩ ફેક્સ : ૨૨૧૪૪૬૬૩ ઈ-મેઇલ : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર :**
5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, અમદાવાદ-380015 ■ ફોન : 26304259

REGD. NO. GAMC/1028/2012-14 VALID UPTO 31-12-2014, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

*Let's Do the Best Furniture With.....*

-: AUTHORISED DISTRIBUTOR & DEALER :-

JEWEL PLY — M. R. GRADE, BWP GRADE PHENOL BONDED PLYWOOD, The Group of Quality

ASSAM Status — PLYWOOD BLOCK BOARD FLUSH DOOR

Durian — DECORATIVE LAMINATES

SUNDEK INTERNATIONAL DECORATIVE LAMINATES

iPL INTERNATIONAL PREMIUM LAMINATES — Playground for Creativity

Warrior — Plywood - Block Board - Flush Door

Cedar lam — GORGEOUS LAMINATES

POSITIVE PLY & BOARD

-: Also Available :-

- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

RAVI ENTERPRISE

Brijesh Patel
96240 30203

# RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
Telefax : (O) + 91-79-25399423
E-mail : ravienterprise_004@yahoo.co.in

Printed & Published by Shri Kailasdan K. Gadhvi, President, Shri Kutchhi Samaj – Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. Printed at Madhavi Offset, Khokhara, Ahmedabad. Published at Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trader Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Paldi, Ahmedabad-380 006
Editor : Shri Bharat Oza. Price : Rs. 3.00 Lifetime Subscription : Rs.1500/-